
બાળ સત્સંગ
૨

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

સત્સંગ શિક્ષણ શ્રેણી પાઠ્યપુસ્તક

# બાળ સત્સંગ - ૨

પ્રકાશક

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**BAL SATSANG, PART II** (Gujarati Edition)

(Moral Science and Indian Culture Study Programme For Children)

A textbook for examination prescribed under the curriculum set by Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha.

**Presented by:**

B A P S Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

**Publishers:**

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

**11th Edition:**

September 2007. Copies: 10,000 (Total copies: 61,000)

**Warning:**

**Copyright:** ©Swaminarayan Aksharpith

This book is published by Swaminarayan Aksharpith. Material from this book cannot be used without due acknowledgement to Swaminarayan Aksharpith, Shahibaug, Amdavad. For any reprints the written permission of the publishers is necessary.

**ISBN:** 81-7526-067-X

**રજૂકર્તા :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**સૂચના :** કોપીરાઈટ : ©સ્વામિનારાયણ અક્ષરપીઠ

આ પુસ્તકના અંશો કોઈપણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**અગિયારમી આવૃત્તિ :** સપ્ટેમ્બર ૨૦૦૭

**પ્રત :** ૧૦,૦૦૦ (કુલ પ્રત : ૬૧,૦૦૦)

**કિંમત :** રૂ. ૧૩-૦૦

**મુદ્રક અને પ્રકાશક :**

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

# આશીર્વાદ

યોગીજી મહારાજે બાળમંડળોની શરૂઆત કરી ત્યારથી બાળકોને સંસ્કાર આપવા માટેની અનેક પ્રવૃત્તિઓ સંસ્થામાં ચાલે છે. આ 'બાળ સત્સંગ પરીક્ષા'ની પ્રવૃત્તિ પણ દિનપ્રતિદિન વિકાસ પામે તેવા અમારા આશીર્વાદ છે.

દુનિયામાં ઘણું ઘણું જાણવાનું ને શીખવાનું છે, પણ જે સાચું જાણવાનું ને શીખવાનું છે તે આ પુસ્તકમાંથી મળશે. આ પુસ્તકમાંથી સાચું શિક્ષણ મળશે.

આમાં ભગવાનનાં અને ભક્તોનાં સુંદર ચરિત્રો આપ્યાં છે, જેમાંથી ઘણું ઘણું શીખવા મળશે. જીવન જીવવાની ચાવી તેમાંથી મળશે. એ ચરિત્રો આપણને સેવાભાવી અને પરોપકારી થવાનું શીખવે છે. એ ચરિત્રો આપણને સંસ્કારી અને સાચા ભક્ત થવાનું શીખવે છે. જીવનમાં આગળ વધવા અને સુખી થવા માટે આ બધું અગત્યનું છે.

તો આ પુસ્તક સૌએ હોંશેહોંશે વાંચવું અને વિચારવું તથા પરીક્ષા માટે સારી રીતે તૈયારી કરવી.

સૌને આશીર્વાદ છે કે આ પુસ્તકમાંથી સાચું શિક્ષણ પામી જીવનમાં સુખી થાય.

**– શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના**
**હેતપૂર્વક જય સ્વામિનારાયણ**

# પ્રકાશકીય

દર્પણ સામે શું ધરવું ?

આપણે જે જોવું હોય, અનુભવવું હોય તે.

સારું કે નરસું - જેવું આપણે અનુભવવું હોય તે દર્પણ સામે ધરવું.

બાળકનું ચિત્ત પણ નિર્મળ હોય છે, દર્પણની જેમ તેની સમક્ષ આપણે જેવું ધરીએ તેવું તે ચિત્તમાં અંકિત થાય. તેથી જ સારાં બાળકો તૈયાર કરવા તેમની સમક્ષ સારું અને સુંદર સાહિત્ય ધરવું પડે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બાળકોને ગળથૂથીમાંથી જ સારા સંસ્કારો મળી રહે તે માટે શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ બાળમંડળની સ્થાપના કરી, અને તેનો સારો વિકાસ કરેલો. આજે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના ચિત્તમાં ઉચ્ચ ભાવનાઓ અને ઉત્તમ વિચારો અંકિત કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશિષથી 'બાળ સત્સંગ પરીક્ષા'નું પણ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. જેના ઉપક્રમે રોચક અને સંસ્કારપ્રેરક સાહિત્ય બાળકોને વાંચવા મળશે.

પાઠશાળાઓના ધોરણે ક્રમબદ્ધ તૈયાર કરાયેલી 'બાળ સત્સંગ પરીક્ષા'ની આ પુસ્તિકાઓ દ્વારા હિન્દુ સંસ્કૃતિના ઉત્તમ આદર્શોને અને સત્સંગની ભવ્ય પ્રણાલીને બાળકો પ્રાપ્ત કરશે અને તેનો પ્રસાર કરશે.

બાળકોને ઉછેરવામાં અને સંસ્કારવામાં જેમનો મહત્ત્વનો ફાળો છે, તે માતા-પિતા તથા વાલીઓ, શિક્ષકો અને મંડળના સંચાલકો આ પુસ્તિકાઓનો વ્યવસ્થિત અભ્યાસ બાળકોને કરાવશે, આ પરીક્ષા માટે બાળકોને તૈયારી કરાવશે તો જરૂર સારું પરિણામ પરીક્ષામાં અને જીવનમાં આવશે.

'બાળ સત્સંગ પરીક્ષા - બીજી'ની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તિકામાં જેમણે સહયોગ આપ્યો છે તે સૌના અમે આભારી છીએ.

**– પ્રકાશન સમિતિ**

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શ્રી સ્વામિનારાયણો વિજયતે




અમે સૌ સ્વામીનાં બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણાં યુવક. લડીશું શ્રીજીને માટે.

નથી ડરતા નથી કરતા અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.

અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષર પુરુષોત્તમ ગુણાતીત ગાનને ગાઈશું.

અમે સૌ શ્રીજીતણા પુત્રો અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો અમારે ક્ષોભ શાનો છે.

જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

# અનુક્રમણિકા

## વિભાગ-અ


૧. ધન્ય ભાદરા ........................... ૧
૨. ભજન ગાવાની ઉંમર કઈ ? ....... ૩
૩. અનાદિ કાળના સત્સંગી ! ......... ૫
૪. હવે હાલી નીકળો ! ..................
મુદત પૂરી થઈ ! ..................... ૬
૫. વીજળીના ઝબકારામાં મોતી ....... ૯
૬. ચંચળ મનને અચંચળ કર્યું ....... ૧૧
૭. માંદા સાધુઓની સેવામાં ........ ૧૩
૮. દ્વેષની સામે આશીર્વાદ ! ........ ૧૫
૯. અખંડ રહ્યો છું ! .................. ૧૬
૧૦. પાપનો પર્વત ....................... ૧૮
૧૧. કલ્યાણના દાતા .................... ૨૧
૧૨. માણસનું ખાણું જાનવર ખાય ? ૨૩
૧૩. ચાંદીની પાલખીમાં ન બેઠા ..... ૨૫
૧૪. અવતાર લીલાની સમાપ્તિ ...... ૨૬

**શ્રીજીમહારાજના ભક્તો**

૧૫. તેર પૈસાની જે ! .................. ૨૯
૧૬. હૂકો ને અફીણ ...................... ૩૧
૧૭. દાસનું લક્ષણ શું ? ............... ૩૩
૧૮. ઘરબાર મેલી હાલી નીકળજો ! ૩૫
૧૯. ભૂંડું તાકનારનું ભૂંડું થયું ! ...... ૩૭
૨૦. સગરામ ભગત ..................... ૩૯
૨૧. બાઈ, તારો બેડો પાર ! .......... ૪૧
૨૨. એક ભાઈ અને બે બહેનો ....... ૪૩
૨૩. ઉકાખાચરની સેવા ................ ૪૫
૨૪. બમણાં ડગલાં ચાલ્યાં ! .......... ૪૭
૨૫. જે ભક્તિ કરે તે મહારાજનો !. ૪૯


## વિભાગ-બ


૧. પ્રાર્થના ............................... ૫૩
૨. શરીર ................................. ૫૩
૩. ઘર મંદિર ............................ ૫૪
૪. ભગતજી મહારાજ ................ ૫૫
૫. સ્તુતિ ................................. ૫૭
૬. અચલ યશનો ડુંગર .............. ૫૮
૭. એકાદશી ............................. ૬૧
૮. શ્રીજીમહારાજ અને ....................
સ્વામી થાળ જમ્યા ................ ૬૨
૯. ચપટી દઈ ખોબો લેવાની વિદ્યા ૬૪
૧૦. થાળ .................................. ૬૬
૧૧. આપણા સંતો ....................... ૬૬
૧૨. આ તો અમારા છે ................. ૬૮
૧૩. આજ્ઞા પાળવાની ધગશ .......... ૬૯
૧૪. પ્રમુખસ્વામી ........................ ૭૧
૧૫. બાળકો પર સદા પ્રસન્ન ......... ૭૨
૧૬. તિલક-ચાંદલો ...................... ૭૩
૧૭. સ્વામીની વાતો ..................... ૭૪
૧૮. પ્રહ્લાદ ............................... ૭૬
૧૯. ઠોઠ નિશાળિયો .................... ૭૯
૨૦. શ્રવણ ................................. ૮૧
૨૧. સ્વામીને શું ગમે ? ................ ૮૪
૨૨. શૌર્યગીત ............................. ૮૫

# બાળ સત્સંગ - ૨

## વિભાગ-अ

### ૧. ધન્ય ભાદરા

સૌરાષ્ટ્રનું એક નાનું ગામડું છે.


ગામડામાં એક બ્રાહ્મણનું ઘર છે.

ઘરના આંગણામાં એક ઘોડિયું મૂકેલું છે.

ઘોડિયામાં નાનું બાળક ખીલ ખીલ કરી રમે છે.

એક ચાર વરસનો છોકરો એને રમાડે છે અને હીંચોળે છે. એ એનો મોટો ભાઈ છે.

નાના ભાઈ પર એને બહુ વહાલ છે. ઘડીએ ઘડીએ એ એને ઘોડિયા સોતો છાતીએ ચાંપે છે ને રાગડો કાઢી હાલરડું ગાય છે :



ભાઈ મારો નાનો,
ભાઈને કરું સાધુ ! હાલા..હા..લા !
ભાઈ મારો લાડકો,
હા...લા...હા...લા !

છોકરાઓની મા ઘરમાં કામ કરતી હતી, પણ એમનું ધ્યાન છોકરાઓ

તરફ હતું. મોટા છોકરાને હાલરડું ગાતો એ સાંભળતી હતી. મોટો છોકરો નાના ભાઈને હીંચોળતાં ગાતો હતો :

ભાઈ મારો લાડકો
ભાઈને કરું સાધુ ! હા...લા...હા...લા !

તરત જ મા બહાર દોડી આવી. બોલી : 'બેટા મૂળુ, આ સાધુ સાધુ શું ગાય છે તું ?'

મોટાભાઈ મૂળુએ કહ્યું : 'એય સાધુ ને હુંય સાધુ ! કેવી મજા થશે, મા !'

મા આ સાંભળી વિચારમાં પડી ગઈ. મનમાં કહે : 'અમારો બ્રાહ્મણનો અવતાર એ સાધુનો જ અવતાર છે તો ! દીકરો કુળ ઉજાળે એટલે બસ !'

અને આ બાળક મૂળુએ મોટા થઈને, ખરેખર કુળ ઉજાળ્યું. કુળ ઉજાળ્યું એટલું જ નહિ, ગામ ઉજાળ્યું ! ગામ ઉજાળ્યું એટલું જ નહિ, વિશ્વ પણ ઉજાળ્યું !

આ બાળક મૂળુ તે મૂળજી.

સૌરાષ્ટ્રમાં જોડિયા બંદરની પાસે આવેલા ગામ ભાદરામાં સંવત ૧૮૪૧ની શરદપૂનમ(આસો સુદ પૂનમ)ની રાતે મૂળજીનો જન્મ થયો હતો. મૂળજીના પિતાનું નામ ભોળાનાથ અને માતાનું નામ સાકરબા.

મૂળજીના જન્મ પછી થોડા વખતમાં સ્વામી રામાનંદ ભાદરા પધાર્યા. પિતા ભોળાનાથ શર્મા સ્વામી રામાનંદને ગુરુ માનતા હતા. તેમણે બાળકને સ્વામીના ખોળામાં મૂકી કહ્યું :

'પ્રભુ ! એનું નામ પાડો અને એને આશીર્વાદ આપો !'

સ્વામી રામાનંદ કેટલીક વાર સુધી બાળકની સામે તાકીને જોઈ રહ્યા. પછી કહે : 'વાહ, આ તો ડુગડુગી વગાડી જેમના આવવાની વાત કરી રહ્યો છું તેમનો જોડીદાર છે ! ધન્ય છે એમનાં માતાપિતાને ! અને ધન્ય છે મને કે હું એમનાં દર્શન પામ્યો ! આ તો બધાનું મૂળ છે ! વાહ, મૂળજી વાહ !'

આમ, બાળકનું નામ એમણે મૂળજી પાડ્યું. મૂળજી એટલે મૂળ અક્ષર ! એમને અક્ષરધામ કે અક્ષરબ્રહ્મ પણ કહે છે.

અક્ષરબ્રહ્મ મૂળજીને જન્મ આપી ભાદરા પણ ધન્ય બની ગયું. તીર્થ બની ગયું ! આજે હજારો માણસો ભાદરા તીર્થની યાત્રાએ જાય છે.

ધન્ય મૂળજી ! ધન્ય ભાદરા !

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. મૂળજીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૨. મૂળજીનાં માતા-પિતાનું નામ શું હતું ?

૩. રામાનંદ સ્વામીએ બાળકનું નામ મૂળજી શા માટે પાડ્યું ?

૪. બાળક મૂળુએ મોટા થઈને શું કર્યું ?

૫. ભાદરા ગામ ક્યાં આવેલું છે ?

૬. મૂળજી કેટલાં વર્ષની ઉંમરે સાધુ થવાની વાત કરતા હતા ?

●

## ૨. ભજન ગાવાની ઉંમર કઈ ?

મૂળજીના પિતા ભોળાનાથ શર્મા ધર્મ ભાવનાવાળા હતા.

સાધુ-સંતો પર તેમને પ્રીતિ હતી.

ભજન-કીર્તન, કથા વગેરેમાં તેમને રસ હતો.

એક વાર તેમણે જોયું તો મૂળજી ભજનમાં તલ્લીન બની ગયો છે. ખાવાપીવાનુંય એને ભાન નથી. ત્યારે એમણે કહ્યું : 'મૂળજી, અત્યારે તારી ઉંમર રમવા-ખેલવાની છે, ભજન ગાવાની નથી !'

મૂળજીએ કહ્યું : 'તો ભજન ગાવાની ઉંમર કઈ ?'

પિતાએ કહ્યું : 'ઘડપણ આવે ત્યારે !'

કંઈ પણ બોલ્યા વગર મૂળજી તે જ વખતે ઘરમાંથી બહાર નીકળી ગયો. પિતા ખુશ થયા કે છોકરો રમવા-ખેલવા ગયો.

પણ મૂળજી રમવા-ખેલવા નહોતો ગયો. એ તો ગામમાં ઘરડાઓ શું કરે છે તે જોવા ગયો હતો.

એક ઠેકાણે એણે જોયું તો ડોસાઓ ભેગા થઈને ગામગપાટા હાંકતા હતા. બીજે જોયું તો ડોશીઓ છીંકણી સૂંઘતી હતી ને પારકી નિંદા કરતી હતી !

એક વૃદ્ધને મૂળજીએ કહ્યું : 'કાકા, ભગવાનનું ભજન કેમ નથી કરતા ?' ત્યારે કાકો લાકડી લઈને મારવા ઊઠ્યો. કહે : 'છે તો વેંત જેવડો ને મને શિખામણ દેવા આવ્યો છે !'



બધે ફરીને મૂળજી ઘેર આવ્યો. સાંજે બધા વાળુ કરવા બેઠા ત્યારે એણે ધીરેથી પિતાને કહ્યું : 'બાપુજી ! તમે કહ્યું કે ભજન ઘડપણમાં કરવું. પણ હું ગામમાં બધે જોઈ વળ્યો તો ક્યાંય કોઈ ઘરડું ભજન કરતું દેખાયું નહિ ! બધાને ચાડીચૂગલી, નિંદા ને ગામગપાટામાં રસ છે. કોઈને ભજનમાં રસ નથી. એટલે મને લાગે છે કે ઘડપણમાં ભગવાનનું ભજન કરવાની વાત ખોટી ! ભજન કરવું હોય તો નાનપણથી જ કરવું જોઈએ !'

હવે પિતાએ કહ્યું : 'તારી વાત ખરી છે, ભાઈ !'

## સ્વાધ્યાય

**કોણ બોલે છે અને કોને કહે છે, તે જણાવો :**

૧. 'તો ભજન ગાવાની ઉંમર કઈ ?'

૨. 'કાકા, ભગવાનનું ભજન કેમ નથી કરતા ?'

૩. 'તારી વાત ખરી છે, ભાઈ !'

**ત્રણ લીટીમાં જવાબ આપો :**

૧. મૂળજીને ગામમાં શું અનુભવ થયો ?

૨. બધે ફરીને મૂળજીએ ઘેર આવ્યા પછી પિતાને શું કહ્યું ?

●

## ૩. અનાદિ કાળના સત્સંગી !

મૂળજી અઢાર વર્ષના હતા.

હવે ગામમાં બધા એમને મૂળજી ભક્ત તરીકે ઓળખતા હતા.

એવામાં શ્રીજીમહારાજ ભાદરા પધાર્યા. નદીકિનારે તેમનો મુકામ હતો. મૂળજી ભક્ત અને એમના પિતા ભોળાનાથ મહારાજનાં દર્શન કરવા આવ્યા.

બંનેએ મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

પછી ભોળાનાથે મહારાજને પુત્રની ઓળખાણ આપતાં કહ્યું : 'મહારાજ ! આ નવો સત્સંગી છે ! એને આપની સેવામાં રાખો !'

મહારાજ એ સાંભળી હસ્યા. હસતાં હસતાં કહે : 'શું કહ્યું ભોળાનાથ ? એ નવા સત્સંગી છે ? અરે, એ તો જન્મ્યા નહોતા ત્યારના સત્સંગી છે. એ તો અનાદિ કાળના સત્સંગી છે ! જેટલો હું જૂનો છું, એટલા એ જૂના છે. એ તો કાયમના મારી સાથે છે, કાયમના મારી સેવામાં છે. ઊંઘતાં, જાગતાં ને સ્વપ્નમાં, ત્રણે અવસ્થામાં એ મારી સાથે છે, અને હું એમની સાથે છું. એ મારાથી છેટા નથી. ને હું એમનાથી છેટો નથી ! એ ધામ છે, ને હું ધામનો માલિક ધામી છું. એ મૂળ અક્ષર છે. એટલે તો રામાનંદ સ્વામીએ એમનું નામ મૂળજી પાડ્યું છે !'

ભાદરા પધારી મહારાજ એટલા બધા ખુશ હતા કે એમણે દિવાળીનો તહેવાર ભાદરામાં ઊજવ્યો અને એ પ્રસંગે ત્યાં અસંખ્ય ભક્તોનો મોટો સમૈયો કર્યો. સમૈયો એટલે હરિભક્તોનો મેળો !

આવો એક બીજો પ્રસંગ આ પ્રમાણે છે :

મૂળજીનાં માતા સાકરબા મહારાજનાં ભક્ત હતાં. એક વાર મહારાજ ભાદરા પધાર્યા. તે વખતે ભોળાનાથ હયાત નહોતા. મૂળજી શર્મા ખેતરે હતા અને શેરડીના વાઢમાં પાણી વાળતા હતા. મહારાજ તેમને ઘેર જમવા પધારવાના છે તેની તેમને ખબર હતી. તેથી તેઓ ઝટઝટ ખેતરનું કામ પૂરું કરતા હતા. આ તરફ મહારાજ વહેલા વહેલા મૂળજીને ઘેર જઈ ઊભા રહ્યા. સાકરબાએ તેમનો સત્કાર કર્યો. સાંગામાંચી પર બેવડું ગોદડું પાથરી તેમણે મહારાજને બિરાજમાન કર્યા. સામે હરિભક્તો બેઠા.

મહારાજ આજે રંગમાં હતા. તેમણે હસતાં હસતાં કહ્યું : 'મા, તમારો

મૂળજી કોઈ દિ' અમને યાદ કરે ખરો ?'

સાકરબાએ કહ્યું : 'યાદ તો એવો કરે છે કે કંઈ કહેવાની વાત નહિ ! શ્વાસે શ્વાસે તમારું નામ લે છે. શી ખબર એને તમારા પર આટલું હેત ક્યાંથી છે ?'

આ સાંભળી મહારાજ ખૂબ હસ્યા.

સાકરબા કહે : 'આટલું હસવું શાને આવે છે, મહારાજ ? હું કંઈ ખોટી વાત કરું છું ? અરે, અમે તો તમારું નામે નહોતું સાંભળ્યું, ત્યારનો એ તમને ઓળખે છે !'

મહારાજ ફરી હસ્યા. કહે : 'તે ઓળખે જ ને ? ઓળખ કંઈ આજની નથી, અનાદિ કાળની છે !'

માતા સાકરબા આશ્ચર્ય પામી સાંભળી રહ્યાં. બધું તો તેમને સમજાયું નહિ, પણ એટલું સમજાયું કે મારો મૂળજી સાધારણ મનુષ્ય નથી - મહાન્ છે.

## સ્વાધ્યાય

**ટૂંક નોંધ લખો :**

૧. મહારાજે મૂળજીને અનાદિ કાળના સત્સંગી કેવી રીતે વર્ણવ્યા ?

૨. સાકરબાએ મહારાજને મૂળજીની વાત કરતાં શું શું કહ્યું ?

•

# ૪. હવે હાલી નીકળો ! મુદત પૂરી થઈ !

મૂળજી ભક્તે ખેતરમાં શેરડીનો વાઢ કર્યો હતો.

એક દિવસ તેઓ વાઢમાં પાણી વાળતા હતા. હાથમાં પાવડો હતો, પગ ભીની જમીનમાં રોપેલા હતા. ત્યાં અચાનક એમને પોતાની આંખો આગળ તેજનું બિંબ દેખાયું અને એમની આંખો એ તેજના બિંબ પર સ્થિર થઈ ગઈ.

ઘડીકમાં એ તેજ-બિંબમાં એક આકૃતિ ઊપસી આવી. એ આકૃતિ શ્રીજીમહારાજની હતી. મહારાજે પીળું પીતાંબર પહેર્યું હતું અને માથે દક્ષિણી પાઘ હતી.

પછી તો મહારાજની વાણી સંભળાઈ. એ જ મધુર કંઠસ્વર. મહારાજે કહ્યું : 'મૂળજી, ભૂલી ગયો શું ? આપણે ભૂતલ પર શા સારુ આવ્યા છીએ અને અત્યારે શું કરી રહ્યા છીએ ?'



મૂળજીએ કહ્યું : 'આપની આજ્ઞાની જ રાહ જોઉં છું !'

મહારાજે કહ્યું : 'તો હવે હાલી નીકળો ! મુદત પૂરી થઈ !'

'તો આટલી વાર !' કહી મૂળજીએ હાથમાંથી પાવડો ફેંકી દીધો અને પહેરેલા લૂગડે, એવા જ માટીવાળા હાથ-પગ લઈને, ગઢડાની વાટ પકડી.

સંવત ૧૮૬૫ના કારતક સુદ પૂનમનો આ દિવસ.

મૂળજી ભક્ત ગઢડા આવ્યા, પણ મહારાજ તે વખતે ત્યાં નહોતા, થોડા દિવસ પછી આવવાના હતા, પણ મૂળજી ભક્તની ધીરજ હવે ખૂટી ગઈ હતી. મહારાજની શોધમાં તેઓ બોટાદ આવ્યા. ત્યાં પણ મહારાજ નહોતા. એટલે ત્યાંથી આગળ નીકળી જવાનું કરતા હતા, ત્યાં મહારાજનો સંદેશો આવ્યો કે બોટાદમાં જ રોકાજો, હું આવું છું.

મહારાજે જ બોલાવેલા, એટલે મહારાજ તો જાણે ને કે મૂળજી ભક્ત અત્યારે ક્યાં છે. પછી મહારાજ બોટાદ પધાર્યા અને મૂળજી ભક્તને પોતાની સાથે ગઢડા લઈ ગયા.

આ તરફ ભાદરામાં મૂળજી ભક્તની ગોતાગોત ચાલે. બધા જાણે કે એમનું ચિત્ત મહારાજમાં હતું, એથી મહારાજની પાસે જ ચાલી ગયા હશે. એટલે એમના નાનાભાઈ સુંદરજી એમને શોધતાં શોધતાં ગઢડા આવ્યા. રડતાં રડતાં એમણે કહ્યું : 'મોટા ભાઈ ! એકવાર ઘેર ચાલો !'

મહારાજે પણ આજ્ઞા કરી : 'હમણાં ભલે ઘેર જાઓ.'

મૂળજી ભક્ત ઘેર આવ્યા, પણ એમનું ચિત્ત કશામાં લાગે નહિ. એટલે થોડા દિવસમાં એમણે ફરી ઘર છોડ્યું, ને ફરી મહારાજની સામે આવી ઊભા. કહે : 'મહારાજ ! મારે સાધુ થવું છે. મને દીક્ષા આપી સાધુ કરો !'

ત્યારે મહારાજે હસીને કહ્યું : 'ઘર બાળીને આવ્યા છો ને ?'

મૂળજી ભક્ત ભોળા માણસ. એ સમજ્યા કે સાધુ થવા માટે ઘરમાં આગ મૂકવી પડતી હશે. એટલે એમણે કહ્યું : 'જાઉં, હમણાં જ ઘર બાળી મેલીને આવું છું !'

આમ કહી એ તે જ ઘડીએ પાછા ફરી ગયા, ને ઝડપથી ઘર ભણી ચાલવા લાગ્યા. ક્યારે ઘેર પહોંચું ને ક્યારે ઘર બાળી મેલું એ જ એક વિચાર એમના મનમાં ઘોળાતો હતો.

મૂળજી ભક્તનું આ ભોળપણ જોઈ મહારાજ પ્રસન્ન થયા. મહારાજે તો

અંતરમાંથી ઘર બાળી મેલવાની વાત કરી હતી ! તેમણે તરત જ પાછળ માણસ દોડાવ્યો, ને ભક્તને પાછા બોલાવી કહ્યું : 'તમે ઘર બાળીને જ આવ્યા છો એની ખાતરી થઈ ગઈ. તમારે તો ઘરનું બંધન છે જ નહીં ! હવે અહીં રહો, અમે તમને સાધુ કરીશું !'

મૂળજી ભક્તના આનંદનો પાર ન રહ્યો.

આ પછી થોડા વખતમાં મહારાજે ડભાણમાં મહાયજ્ઞ કરી તેની પૂર્ણાહુતિ પ્રસંગે મૂળજી ભક્તને ભાગવતી દીક્ષા આપી તેમને નવું નામ આપ્યું : 'ગુણાતીતાનંદ !'

મહારાજે કહ્યું : 'આજે મારા આ ધામને દીક્ષા આપતાં મને ખૂબ ખૂબ આનંદ થાય છે !'

બોલો ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જે !

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. મૂળજી ભક્તને વાઢમાં પાણી પાતાં શું દેખાયું ?
૨. મહારાજે મૂળજીને દર્શન દઈ શું કહ્યું ?
૩. મહારાજે મૂળજીને ઘર બાળવાની વાત કઈ રીતે કરી હતી ?
૪. મહારાજે મૂળજી ભક્તને ક્યાં દીક્ષા આપી અને શું નામ પાડ્યું ?
૫. મૂળજી ભક્તને દીક્ષા આપતાં મહારાજે શું કહ્યું ?

•

## ૫. વીજળીના ઝબકારામાં મોતી

મહારાજે નામ પાડ્યું ગુણાતીતાનંદ, પણ પોતે એમને 'ભાદરાવાળા નિર્ગુણાનંદ' કહી બોલાવતા. ગુણાતીત એટલે ગુણથી પર. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ - એવા ત્રણ પ્રકારના ગુણ છે. સામાન્ય માણસમાં આ ત્રણે ગુણ હોય છે, કોઈ ઓછો તો કોઈ વધારે. પણ ગુણાતીતાનંદ સ્વામી તો આ ત્રણે ગુણોથી પર હતા, નિર્ગુણ હતા. તેથી તો મહારાજે એમનું નામ પાડ્યું હતું.

એકવાર મહારાજ ગઢડામાં હતા. મુક્તાનંદ સ્વામી, ગુણાતીતાનંદ

સ્વામી વગેરે સંતોનું મંડળ પણ ત્યાં હતું. મહારાજ કથાવાર્તા કરે અને સૌ સંતો આનંદથી સાંભળે.

એક દિવસ કથાવાર્તા પૂરી કરી મહારાજ દરબારમાં વાતો કરવા પધાર્યા. ચોમાસાના દિવસો હતા. અંધારી રાત હતી. આકાશમાં વાદળાં હતાં; ધીરો ધીરો વરસાદ પડતો હતો; કોઈ કોઈ વાર વીજળી પણ ઝબૂકી જતી હતી.

એવામાં મુક્તાનંદ સ્વામી કંઈ કારણસર પોતાના કમરામાંથી બહાર આવ્યા. અચાનક અંધારામાં નેવાં નીચે કોઈ ઊભેલું હોય એવું એમને લાગ્યું. એમણે પૂછ્યું : 'એ કોણ ત્યાં ઊભું છે ?'

જવાબ આવ્યો : 'એ તો હું છું, નિર્ગુણાનંદ !'

મુક્તાનંદે પૂછ્યું : 'આટલી રાતે અહીં કેમ ઊભા છો ?'

સ્વામીએ કહ્યું : 'મહારાજનાં દર્શન કરવા ! મહારાજ દરબારમાં કથા-વાર્તા કરવા ગયા છે. એમના પાછા ફરવાની રાહ જોતો ઊભો છું.'

આ સાંભળી મુક્તાનંદ સ્વામીના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમણે કહ્યું : 'આખો દિવસ મહારાજનાં દર્શન કરો છો, તોય ધરાવો નથી ?'

સ્વામીએ કહ્યું : 'ધરાવો કેવી રીતે થાય ? રોમ રોમ 'મહારાજ મહારાજ' કરે છે, એને સમજાવું કેવી રીતે ?'

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'તમને ઊંઘેય નથી આવતી ? તમને શરીરનીય



પડી નથી ? ક્યારના વરસાદમાં પલળતા ઊભા છો ?'

સ્વામીએ મનમાં બોલતા હોય એમ કહ્યું : 'શરીર પલળે, એમાં મને શું ?'

મુક્તાનંદ સ્વામીના પાછા ફરી ગયા પછી પણ ગુણાતીતાનંદ સ્વામી ત્યાં જ ઊભા રહ્યા.

મોડી રાતે મહારાજ દરબારમાંથી પોતાની 'અક્ષર ઓરડી'માં પોઢવા પાછા ફર્યા; ત્યારે સ્વામી પાંપણો પલકાવ્યા વગર એમની મૂર્તિનાં દર્શન કરવા તાકી રહ્યા. બરાબર એ જ વખતે આકાશમાં વીજળીનો ઝબકારો થયો. એ ઝબકારામાં મહારાજનું મનોહર સ્વરૂપ સ્વામીનાં નયનોમાં કેદ થઈ ગયું ! સ્વામીએ વીજળીના ઝબકારામાં મોતી પરોવી લીધું ! સ્વામી આનંદવિભોર બની એ સ્થળ છોડી ચાલી નીકળ્યા, ને ગામબહાર એક વૃક્ષ હેઠળ જઈને પોઢી ગયા.

આવા હતા મહારાજના પ્રિય સાધુ 'ભાદરાવાળા નિર્ગુણાનંદ !'

### સ્વાધ્યાય

**ખરું કે ખોટું જણાવો :**

૧. મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને 'ભાદરાવાળા ગુણાતીતાનંદ' કહી બોલાવતા.

૨. ગુણાતીત એટલે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણથી પર.

૩. ગુણાતીતાનંદ સ્વામી વરસાદમાં દરબારમાં થતી કથાવાર્તા સાંભળવા ઊભા હતા.

૪. મહારાજના પ્રિય સાધુ ભાદરાવાળા નિર્ગુણાનંદ હતા.

•

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. સ્વામી અંધારામાં નેવાં નીચે શા માટે ઊભા હતા ?

૨. મહારાજ દરબારમાંથી પોતાની 'અક્ષર ઓરડી'માં પાછા પધાર્યા, ત્યારે સ્વામી કેવી રીતે દર્શન કરવા તાકી રહ્યા ?

૩. સ્વામીએ વીજળીના ઝબકારામાં મોતી પરોવી લીધું – એનો અર્થ સમજાવો.

•

## ૬. ચંચળ મનને અચંચળ કર્યું

બસો સાધુઓની મંડળી લઈને મુક્તાનંદ સ્વામી સુરત ગયા હતા. ત્યાં

એક મકાનમાં એમનો ઉતારો હતો. આ મકાનની સામે એક હવેલી હતી. એ હવેલીના કઠેડાએ એક માંકડું બાંધેલું હતું. માંકડું એવું કૂદાકૂદ કરે, ચેનચાળા કરે કે કોઈનું પણ એના તરફ ધ્યાન ખેંચાય.


એકવાર મુક્તાનંદ સ્વામીએ સંતોની સભામાં કહ્યું : 'જેનું ધ્યાન માંકડા તરફ ન ગયું હોય તે ઊભા થાય !'

બસો સંતોની સભામાંથી કોઈ ઊભું થયું નહિ, ત્યારે છેક છેવાડે બેઠેલા એક સાધુ હાથમાં માળા ફેરવતાં નીચું મોં રાખી ઊભા થયા. એ સાધુ હતા ગુણાતીતાનંદ સ્વામી.

મુક્તાનંદ સ્વામીના મુખમાંથી ધન્યવાદ નીકળી ગયા : 'વાહ, સાધુરામ વાહ !'

ત્યારે સ્વામીએ ધીરેથી કહ્યું : 'હું તો ઊભો જ થવાનો નહોતો. ઊભા થઈને ખાલી અહંકાર પોષવાનો કે બીજું કંઈ ? પણ આપે આજ્ઞા કરી એટલે ઊભો થયો.'

મુક્તાનંદ સ્વામીની પ્રસન્નતાનો પાર ન રહ્યો. તેમણે જોયું કે સ્વામી જેવા સંયમી છે તેવા જ નમ્ર છે ! જેવા નમ્ર છે તેવા જ નિરભિમાની છે ! તેમણે કહ્યું : 'ધન્ય છે, સાધુરામ ! જેવું આ માંકડું ચંચળ છે, તેવું જ આપણું મન પણ ચંચળ છે. સાચું જ કહું છું, આ માંકડા તરફ કોઈ કોઈ વાર મારું



પણ ધ્યાન ગયું છે. એવા ચંચળ મનને તમે શી રીતે અચંચળ કર્યું તે હવે અમને કહો !'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સહજ સ્વભાવે કહ્યું : 'બધો મહારાજનો પ્રતાપ છે. સ્વામી ! મનમાંથી મહારાજની મૂર્તિ એક પળ વાર પણ ખસતી નથી, પછી મન ચંચળ બની બીજે જાય કેમ કરીને ?'

સૌ સ્તબ્ધ બની સાંભળી રહ્યા.

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. મુક્તાનંદ સ્વામીએ સુરતમાં સંતોની સભામાં શું કહ્યું ?
૨. સ્વામી ઊભા શા માટે થતા નહોતા ?
૩. મુક્તાનંદ સ્વામીએ સ્વામીમાં કયા ગુણ જોયા ?
૪. સ્વામીએ પોતાનું મન અચંચળ કેવી રીતે કર્યું હતું ?

•

## ૭. માંદા સાધુઓની સેવામાં

રામનવમી એ શ્રીજીમહારાજનો જન્મદિવસ.

શ્રીજીમહારાજ એ જ હરિકૃષ્ણ મહારાજ.

એટલે રામનવમીને હરિજયંતી પણ કહે છે.

હરિજયંતી પર ભક્તો અને સંતોનો મેળો જામે અને ભક્તિનું પૂર વહે. આવા મેળાને સમૈયો કહે છે.

વરતાલમાં હરિજયંતીનો સમૈયો હતો. મહારાજ સંતોને લઈને વરતાલ જવાના હતા. એવામાં એક-બે નહિ, ઓગણીસ સંતો માંદા પડ્યા.

મહારાજે કહ્યું : 'આ માંદા સાધુઓને એકલા મૂકીને જવાય નહિ. એમની સેવામાં અહીં કોણ રહેશે ?'

સંતોને-સૌને સમૈયાનું આકર્ષણ હતું. તેથી કોઈ તૈયાર થયું નહિ.

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ ! હું અહીં રહીશ.'

મહારાજ એવા પ્રસન્ન થયા કે સ્વામીના મસ્તક પર પોતાના બેઉ હાથ પધરાવી બોલ્યા : 'રંગ છે સ્વામી ! તમે મારું વચન હેઠું પડવા દીધું નહિ !'



સ્વામી માંદા સાધુઓની સેવામાં રહી ગયા ને રાત-દિવસ ખડે પગે એમની સેવા કરવા લાગ્યા. થોડા દિવસમાં સાધુઓ સારા થઈ ગયા ત્યારે સ્વામીએ કહ્યું : 'હજી સમૈયાને ચાર-પાંચ દિવસની વાર છે. તમે સૌ રજા આપો તો હું વરતાલ જાઉં !'

સાધુઓએ રાજી થઈને એમને રજા આપી અને સ્વામી દડમજલ કરતાં ટાંકણે વરતાલ પહોંચી ગયા. મહારાજ એમને જોઈ એવા રાજી થયા કે એમને ઓગણીસ વાર ભેટ્યા.

## સ્વાધ્યાય

**કોણ કોને કહે છે તે જણાવો :**

૧. 'રંગ છે સ્વામી ! તમે મારું વચન હેઠું પડવા દીધું નહિ !'

૨. 'તમે રજા આપો તો હું વરતાલ જાઉં.'

**ખાલી જગ્યામાં કૌંસમાં આપેલ યોગ્ય શબ્દ મૂકો :**

૧. જ્યાં ભક્તો અને સંતોનો મેળો જામે અને ભક્તિનું પૂર વહે એ મેળાને ................ કહેવાય. (સમૈયો, હરિજયંતી, રામનવમી)

૨. સ્વામીએ વરતાલ ન જતાં ................. માંદા સાધુઓની સેવા કરી. (૧૮, ૧૯, ૨૦)

●

# ૮. દ્વેષની સામે આશીર્વાદ

એક વાર બાર સાધુઓની મંડળીમાં સ્વામી એક ગામમાં આવ્યા.

ગામમાં ઝાડ નીચે મુકામ કરી સાધુઓએ ખીચડી પકાવી.

ગામનો ઠાકોર સત્સંગનો દ્વેષી હતો. તેણે પોતાના માણસોને ઉશ્કેર્યા કે સ્વામિનારાયણના મુંડિયા ગામમાં પેઠા છે તેમને મારીને કાઢી મેલો !

ઠાકોરના માણસોએ સાધુઓ પર પથરા, ઢેખાળા, છાણ અને ગાળોનો વરસાદ વરસાવ્યો. કાંટાઓની-બાવળની સોટીઓથી એમને ઝૂડ્યા અને મારીને ગામમાંથી કાઢી મૂક્યા. રાંધેલી ખીચડી પણ એમને ખાવા દીધી નહિ.

માર પડ્યો તોય કોઈ સાધુએ સામો હાથ ઉગામ્યો નહિ કે હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહિ, બધા સ્વામિનારાયણનું ભજન કરતાં ગામ બહાર નદીકિનારે આવ્યા અને એક ઝાડ ઓથે લપાઈને બેઠા. ત્યાં નદીકિનારે બેઠેલા કેટલાક લોકોને એમણે બોલતાં સાંભળ્યા કે 'આ ઠાકોર કેવો દુષ્ટ છે ! બાપડા સાધુઓને મારીને કાઢી મેલ્યા ! આવા પાપીને ઘેર દીકરો ક્યાંથી હોય ?'

આ સાંભળી સ્વામી સમજી ગયા કે ઠાકોરને દીકરો નથી. એટલે એમણે બીજા સાધુઓને કહ્યું : 'મહારાજની આજ્ઞા છે કે ભૂંડું કરે તેનુંય ભલું કરવું. માટે આપણે ભગવાનનું નામ લઈ ઠાકોરને આશીર્વાદ આપીએ કે એને ઘેર દીકરો થાય અને એમના દરબારગઢની ડેલીએ સાધુઓની ઝોળીઓ ટીંગાય ?'

આવો શુભ સંકલ્પ કરી બધાએ સ્વામિનારાયણ મંત્રની ધૂન કરી.

આમ, દ્વેષની સામે તેમણે દ્વેષ ન કર્યો, પણ પ્રેમ કર્યો; એને શાપ ન દીધો, આશીર્વાદ આપ્યા.

અને સંતોના આશીર્વાદ ફળ્યા.

વખત જતાં ઠાકોરને ત્યાં પુત્રનો જન્મ થયો. એ પુત્ર મોટો થયો ત્યારે ફરી સ્વામી તે ગામમાં પધાર્યા. તે સ્વામીને હાથ પકડી પોતાને ઘેર લઈ ગયો. દરબારગઢના ડેલામાં સાધુઓની ઝોળીઓ ટીંગાઈ !

સાત ખોટનો દીકરો હાથ પકડી સાધુઓને લઈ આવ્યો હતો. એટલે ઠાકોરથી કાંઈ બોલાયું નહિ. એણે સાધુનો સત્કાર કર્યો અને રસોઈ ચાલુ કરાવી.

હવે સ્વામીએ કહ્યું : 'ઠાકોર ! કંઈ યાદ આવે છે ? અમે બાર સંતો

અહીં આવ્યા હતા, ને પે...લા માળા હેઠળ ખીચડી પકાવી ખાવાની તૈયારીમાં હતા, ત્યાં તમે અમને માર મારી ગામ બહાર તગડી મૂક્યા હતા ! તે વખતે અમે તમારો દોષ નહોતો ગણ્યો, અમે તો ઊલટા તમને આશીર્વાદ દીધા હતા કે તમારે ઘેર દીકરો થજો અને અમારી સાધુઓની ઝોળીઓ તમારી ડેલીએ ટીંગાય ! આજે અમારો સંકલ્પ પૂરો થાય છે.'

આ સાંભળી ઠાકોર ગળગળા થઈ ગયા ને સ્વામીના પગમાં પડ્યા. આંસુ ટપકતી આંખે એણે કહ્યું : 'મહારાજ ! આવા કરુણાળુ બીજા કોઈ ન જોયા !'

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો.**

૧. ગામના ઠાકોરે પોતાના માણસોને સાધુઓને શા માટે મારવા ઉશ્કેર્યા ?
૨. ઠાકોરના માણસોએ સાધુઓ ઉપર કેવો જુલમ કર્યો ?
૩. સાધુઓએ ઠાકોર વિશે શું સાંભળ્યું ?
૪. સ્વામીએ ઠાકોર માટે શું સંકલ્પ કર્યો ?
૫. સ્વામીની દયા જોઈને ઠાકોરને શું થયું ?

•

## ૯. 'અખંડ રહ્યો છું !'

મહારાજે જૂનાગઢ મંદિરનું બાંધકામ શરૂ થયું ત્યારથી જ સ્વામીને જૂનાગઢ રાખેલા. પાછળથી જૂનાગઢ મંદિરના મહંત પણ સ્વામીને જ બનાવેલા. સ્વામી કાયમ જૂનાગઢ રહેતા અને આજુબાજુનાં ગામોમાં વિચરણ કરતા.

સંવત ૧૮૮૬ના ઉનાળાની વાત છે.

જૂનાગઢમાં સ્વામીને ખબર પડી કે 'ગઢડામાં મહારાજ બીમાર છે અને તમને હાલ ને હાલ તેડાવે છે !'

આ સાંભળ્યું કે સ્વામી ખીંટીએ ભેરવેલી ઝોળી લઈને પોતાના જોડિયા સાધુની સાથે ચાલી નીકળ્યા. એવી ઝડપથી ચાલે કે એમની આગળ ઘોડો કે સાંઢણી શા હિસાબમાં ! રોજના ચાલીસ ગાઉની મજલ કાપી તેઓ ગઢડા આવી પહોંચ્યા.

'જૂનાગઢથી સ્વામી આવ્યા છે,' એવું સાંભળ્યું કે મહારાજ ઢોલિયામાં બેઠા થઈ ગયા, ને બોલ્યા, 'સ્વામી આવ્યા ? તેમને અહીં લઈ આવો.'

સ્વામી મહારાજને દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યા. મહારાજ એમને હેતથી ભેટ્યા.

આ વખતે મહારાજનાં દર્શન કરતાં સ્વામીની આંખોમાં આંસુ આવી ગયાં. તેઓ એકીટશે મહારાજની સામે જોઈ રહ્યા. સ્વામીની સામે જોઈ મહારાજ ગાવા લાગ્યા :

*'મીઠા વ્હાલા કેમ વિસરું મારું, તમથી બાંધેલ તન હો.*
*તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો...મીઠા.'*

મહારાજ સ્વામીને કહે કે 'તરસ્યાને જેમ પાણી વહાલું, અને ભૂખ્યાને ભોજન વહાલું, એમ તમે મને વહાલા છો.'

હોય જ ને ! સ્વામી તો મહારાજનું ધામ હતા !

મહારાજ હવે શરીર છોડી દેવાની તૈયારી કરતા હતા. એક સંતે મહારાજને કહ્યું, 'મહારાજ, બધા જેમ તેમ કરી આપનો વિયોગ સહન કરશે, પણ ગુણાતીતાનંદ સ્વામી નહીં સહી શકે. માટે એમને ક્યાંક બીજે મોકલી દો તો સારું !'

ત્યારે મહારાજે મંદ હાસ્ય કરી કહ્યું : 'ક્યાં મોકલી દઉં એને ? એમને અલગ કરી મોકલી શકું એવી કોઈ જગ્યા મને દેખાતી નથી. કારણ કે જ્યાં એ છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં એ છે. હું અત્યારે અહીં છું ત્યારેય એમનામાં છું અને અહીં નહિ હોઉં ત્યારેય એમનામાં જ હોવાનો છું !'

એક હરિભક્ત મહારાજની પૂજા કરવા આવ્યા. પૂજા કરીને કહે : 'અક્ષરધામના ધણીનો જય હો !'

મહારાજે હસીને કહ્યું : 'અને અક્ષરધામનો ?'

હરિભક્તે કહ્યું : 'અક્ષરધામનો જય હો !'

મહારાજે ગુણાતીતાનંદ સ્વામી તરફ હાથ કરી કહ્યું : 'તો ધામીની સાથે ધામનીય પૂજા કરો !'

મહારાજની આજ્ઞા પ્રમાણે હરિભક્તે તે જ વખતે સ્વામીની પણ પૂજા કરી. ત્યારથી ધામીની સાથે ધામની પૂજા-ભક્તિનો શિરસ્તો ચાલ્યો આવે છે.

સંવત ૧૮૮૬, જેઠ સુદ દશમ, મંગળવારે (તા. ૨૮-૬-૧૮૩૦)

મહારાજે શરીરનો ત્યાગ કર્યો. મહારાજના અંતર્ધાન થયા પછી સ્વામીએ પાણીના ધોરિયા આગળ લીલી ધ્રો ઊગેલી જોઈ. એ જોઈને તેમને વિચાર આવ્યો કે 'જળ છે તો આ ધ્રો છે, જળ છે તો એ જીવે છે. અમે પણ આ ધ્રો જેવા છીએ. મહારાજને લીધે અમે જીવતા હતા. મહારાજ વિના અમે કેવી રીતે જીવીશું ?' આ વિચાર આવતાં વિયોગની વેદનાથી બેભાન થઈને તેઓ જમીન પર પડી ગયા.

ત્યાં તો ચમત્કાર થયો ! સ્વામીને મહારાજનાં દર્શન થયાં. મહારાજે એમનો હાથ ઝાલી એમને બેઠા કર્યા. પછી ભેટીને કહ્યું : 'આ શું ? હું ક્યાં ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું !'

## સ્વાધ્યાય

**ખરું કે ખોટું જણાવો :**

૧. રોજના ચાલીસ ગાઉની મજલ કાપી સ્વામી ગઢડા આવી પહોંચ્યા.

૨. મહારાજની સામું જોઈ સ્વામી ગાવા લાગ્યા, 'મીઠા વ્હાલા કેમ...'

૩. મહારાજે ગોપાળાનંદ સ્વામી તરફ હાથ કરી કહ્યું : 'તો ધામની સાથે ધામીનીય પૂજા કરો.'

૪. 'હું તમારામાં અખંડ રહ્યો છું' એમ મહારાજે ત્રણ વખત ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું.

**ત્રણ લીટીમાં જવાબ આપો :**

૧. મહારાજ સ્વામીને હેતથી ભેટીને શું કહે છે ?

૨. ગુણાતીતાનંદ સ્વામીને ધ્રો જોઈ મૂર્છા કેમ આવી ?

●

# ૧૦. પાપનો પર્વત

મુંજો સૂરુ કરીને એક ક્ષત્રિય હતો.

દારૂ-માંસનો એ હેવાયો હતો. તેથી એનો સ્વભાવ ક્રૂર ને હિંસક બની ગયો હતો. ભરવાડો ઘેટાં-બકરાં લઈને જતા હોય તો એ એમના પર તૂટી પડતો, અને બે-પાંચ ઘેટાં-બકરાંને હણી નાખતો.

ગામમાં પણ સૌ એનાથી બીતા રહેતા.

એક વાર સ્વામી મુંજા સૂરુને ગામ પધાર્યા.

ત્યાં એમણે મુંજા સૂરુ વિરુદ્ધ ઘણી વાતો સાંભળી. એ સાંભળી એમનો દયાભાવ જાગ્રત થયો. એમણે મુંજા સૂરુને મળવા બોલાવ્યો.

મુંજા સૂરુને કુતૂહલ થયું કે સ્વામિનારાયણના સાધુ કેવા છે એ જરી જોઉં તો ખરો ! એટલે એ આવ્યો, ને સ્વામીની સામે અક્કડ થઈ બેઠો. સ્વામીએ કરુણાભરી નજરે એની સામે જોયું, ત્યાં મુંજા સૂરુની આંખો નીચી ઢળી ગઈ.

હવે સ્વામીએ કહ્યું : 'મુંજા સૂરુ ! બીજું તો શું કહું ? પણ ભાંગ એક કલ્પ સુધી, અફીણ સો કલ્પ સુધી અને દારૂ-માંસ એક હજાર કલ્પ સુધી તેના પીનારને નરકમાં નાખે છે !'

મુંજાએ કહ્યું : 'આવી વાતો ભોળા લોકોને બિવડાવવા માટે છે, પણ હું એવો ભોળો નથી કે બી જાઉં. હું ક્ષત્રિય છું અને દારૂ-માંસ તો ક્ષત્રિયનો ધર્મ છે !'

સ્વામીએ કહ્યું : 'ખરેખર ! તું નથી બીતો ?'

મુંજાએ જોરથી કહ્યું : 'ના !'

'ના' કહેતાંમાં તો મુંજાનો જીવ જાણે ખેંચાઈ ગયો. એણે જોયું તો યમરાજાના ભયાનક દૂતો એને મારતાં મારતાં યમપુરીમાં લઈ ગયા. ત્યાં ચારે તરફથી 'બચાવો ! બચાવો !'ની ચીસો સંભળાતી હતી. યમદૂતોએ એને પણ એ ટોળા ભેગો નાખ્યો. ત્યાં એની યાતનાનો પાર ન રહ્યો. ટોળા ભેગો એય 'બચાવો ! બચાવો !'ની ચીસો પાડવા લાગ્યો.

આ ચીસો ભેગો એ ભાનમાં આવી ગયો.

એકદમ સ્વામીના પગમાં માથું મૂકી દઈ એ બોલ્યો : 'બચાવો ! બચાવો !'

સ્વામીએ સ્નેહથી પૂછ્યું : 'બચવું છે, મુંજા સૂરુ ?'

મુંજા સૂરુએ કહ્યું : 'હા, મહારાજ ! કોટિ ઉપાયે હવે બચવું છે !'

'તો સત્સંગમાં આવો !' સ્વામી બોલ્યા.

મુંજા સૂરુએ કહ્યું : 'સત્સંગમાં ? મારા જેવા પાપના પર્વતને કોઈ સત્સંગમાં આવવા દે ખરું ?'

સ્વામીએ કહ્યું : 'પાપીને જ સત્સંગની પહેલી જરૂર છે, મુંજા સૂરુ ! અમે તમને સત્સંગમાં લઈએ છીએ ? પાપનો પર્વત મટી તમે પુણ્યનો પર્વત



બની જશો !'

મુંજો સૂરુ સત્સંગી બની ગયો. એણે માંસમાટીનો ત્યાગ કર્યો, દારૂનો ત્યાગ કર્યો, અફીણ-કસૂંબો, ભાંગ-તમાકુ તમામનો ત્યાગ કર્યો. પહેલાં લોકો એનું નામ પડતાં બીતા હતા, હવે લોકો એનું નામ દેતાં ફુલાતા હતા. હવે એને બધા મુંજો ભગત કહેતા હતા.

એક વાર સ્વામીએ ધોલેરા જતાં રસ્તામાં વગડામાં મુકામ કર્યો. ત્યાં રાત્રે તાપણું કરી તેઓ વાત કરતા હતા. એવામાં એક ભરવાડ ત્યાં આવી ચડ્યો. તેણે પૂછ્યું : 'તમે બધા કોના સાધુઓ છો ?'

સ્વામીએ કહ્યું : 'સ્વામિનારાયણના !'

આટલું કહ્યું ત્યાં ભરવાડ દોડીને સ્વામીના પગમાં પડ્યો ને બોલ્યો : 'ઓલ્યા મુંજા સૂરુના ગુરુ તમે ? તમે તો અમને ન્યાલ કરી દીધા, બાપા ! જેટલી વાર મુંજો સૂરુ અમારાં બકરાં-ઘેટાંના ટોળામાં પડતો તેટલી વાર પાંચ-સાત બકરાં-ઘેટાં ઉપાડી જતો, અમારું એની સામે કાંઈ ચાલતું નહિ ! પણ હવે એ તમારો ચેલો બન્યો છે ત્યારથી બધું બંધ છે. તમે ખરા સાધુ છો હોં ! ગુરુ તો આવા જ જોઈએ ! તે બાપજી, તમે મારા ગુરુ થશો ?'

ભોળા ભરવાડની વાતથી સ્વામી પ્રસન્ન થયા. તેમણે એને મંત્ર આપ્યો. પણ સ્વામિનારાયણ બોલતાં એને ફાવે નહિ, ગુરુનું નામ પણ એને બોલતાં

આવડે નહિ. એટલે 'ગુણાનંદ, ગુણાનંદ' કરે ! કહે : 'હું તો 'ગુણાનંદ'ની માળા ફેરવીશ !'

આવા હતા સ્વામી ગુણાતીતાનંદ – ભોળા ભક્તોના ગુણાનંદ !

## સ્વાધ્યાય

**ખાલી જગ્યા પૂરો.**

૧. મુંજો સૂરુ ........................... હતો. (બ્રાહ્મણ, ક્ષત્રિય, ભરવાડ)

૨. દારૂ માંસ ......................... કલ્પ સુધી તેના પીનારને નરકમાં નાખે છે. (એક હજાર, સો, એક)

૩. .................... ને જ સત્સંગની પહેલી જરૂર છે. (ભરવાડ, પાપી, યમદૂત)

**ત્રણ લીટીમાં જવાબ આપો.**

૧. મુંજો સૂરુ સ્વભાવે કેવો હતો ?

૨. ગુણાતીતાનંદ સ્વામીએ તેને શો અનુભવ કરાવ્યો ?

૩. મુંજો સૂરુ સત્સંગી બનવાથી ભરવાડોને શો લાભ થયો ?

●

# ૧૧. કલ્યાણના દાતા

સ્વામી સાધુમંડળી સાથે ફરતા હતા.

ફરતાં ફરતાં તેઓ એક ગામમાં આવી ચડ્યા. ત્યાં હજી સત્સંગનો રંગ કોઈને લાગ્યો નહોતો. તેથી સ્વામીએ ગામ બહાર એક બાવળના ઝાડ હેઠળ મુકામ કર્યો.

નિયમ પ્રમાણે સ્વામીની કથાવાર્તા ચાલ્યા કરે. કુતૂહલથી તે સાંભળવા માટે ગામના કેટલાક માણસો આવ્યા હતા. ભગુભાઈ કરીને એક પટેલ હતા. વાતો એવી જામી કે ભગુભાઈ ખુશ થઈ ગયા. અત્યાર સુધી તેમના મનમાં સ્વામિનારાયણના સાધુની ભડક હતી, તે જતી રહી. કથા પૂરી થયા પછી તેમણે કહ્યું : 'મહારાજ ! તમે અહીં-તહીં ફરો છો, ઊતરવાનાંય ઠેકાણાં હોતાં નથી, તો અહીં જ રહી જાઓને ! હું તમને રામરોટી બાંધી દઉં અને ઘીની હાંડલી અખંડ તમારી સેવામાં રાખું ! પછી આવા બાવળિયા હેઠળ પડી રહેવું નહિ પડે !'

આ સાંભળી સ્વામી હસ્યા. કહે : 'ભગત, સ્વામિનારાયણના સાધુઓ ભીખમંગા રખડતા સાધુઓ નથી. તેઓ ફરે છે તે તો લોકોના કલ્યાણ અર્થે ! સત્સંગના પ્રચાર અર્થે ! તમારી રામરોટી કે ઘીની હાંડલીમાં બંધાય એવા આ સાધુ નથી ! અમને આશરો એક ભગવાનનો ! અને બાવળિયાનું કહેતા હો તો અમારે મન આ બાવળિયાનું વડલા કરતાંય વિશેષ મહત્ત્વ છે. કારણ, એ અમારા સત્સંગનો સાથી છે અને અમે એના કલ્યાણના દાતા છીએ.'

ભગુભાઈ પર આ શબ્દોની ઊંડી અસર થઈ. તેઓ ભક્તમંડળીમાં જોડાઈ ગયા.

ફરી બીજી વાર સ્વામી આ ગામમાં પધાર્યા ત્યારે સંઘ સાથે રાત રહ્યા. આ વખતે ભગુભાઈને કહ્યું : 'ભગુભાઈ ! તમે અમારી સાથે વરતાલ આવો તો સારું !'

ભગુભાઈ કહે : 'મહારાજ ! મને ન ફાવે. મારે નાહવા ઊનું પાણી જોઈએ, ખાવા ઊની રોટલી જોઈએ !'

સ્વામીએ કહ્યું : 'એ બધી સગવડ થઈ રહેશે, તમે ચાલો !'

તોય ભગુભાઈએ કહ્યું : 'ના !'

સ્વામીએ ફરીથી કહ્યું : 'તમને નોકર-ચાકર મળશે, ઊનું પાણી મળશે. અમારા આ બ્રહ્મચારી તમને બેઉ ટાણાં ઊનું રાંધીને જમાડશે ! માટે ચાલો ! તમારા રૂડા સારુ કહું છું !'

તોય ભગુભાઈએ ના પાડી.

સ્વામી વરતાલ ગયા. ત્યાં રોજ એમની કથાવાર્તા સાંભળવા સંતો, હરિભક્તોની ભીડ જામે.

એક દિવસ સ્વામી આમ વાતો કરતા હતા, ત્યાં ઓચિંતાના ભગુભાઈ પટેલ આવી ચડ્યા. સ્વામીએ કહ્યું : 'ભગુભાઈ ! તમે અહીં ક્યાંથી ?'

ભગુભાઈએ કહ્યું : 'સ્વામી ! હું તો બે મહિનાથી અમદાવાદ હતો.'

આ સાંભળી સ્વામી હસ્યા. કહે : 'ભગુભાઈ ! અમદાવાદમાં ઊના પાણીનો અને ઊની રોટલીનો કેવો જોગ થયો ?'

આ સાંભળી ભગુભાઈની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે રડતાં રડતાં કહ્યું : 'મા-બાપ ! ત્યાં ઊનું પાણી કેવું ને ઊની રોટલી કેવી ? મેં એક સાથી રાખ્યો હતો. તેણે ક્યાંક ચોરી કરી હશે એટલે એ પકડાયો અને ભેગો

મને એનો મળતિયો ગણી પકડીને જેલમાં લઈ ગયા. બે મહિને આપની દયાથી છૂટ્યો. છૂટ્યો એવો આપનાં દર્શન કરવા અહીં આવ્યો !'

સ્વામીએ કહ્યું : 'એટલા માટે તો અમે તમને અમારી સાથે આવવાનું કહેતા હતા ! પણ તમે માન્યું નહિ !'

હવે ભગુભાઈ સમજ્યા કે સ્વામી સદા આપણા કલ્યાણના દાતા છે. માટે સ્વામીની આજ્ઞાનું કદી ઉલ્લંઘન કરવું નહિ. આજ્ઞાનો મર્મ તત્કાળ સમજાય કે ન સમજાય, પણ એ આપણા કલ્યાણ માટે જ હોય છે એમ સમજી આજ્ઞા માથે ચડાવવી.

## સ્વાધ્યાય

**ત્રણ લીટીમાં જવાબ આપો :**

૧. ભગુભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને રહેવાનું કહ્યું ત્યારે સ્વામીએ શું કહ્યું ?

૨. સ્વામીની આજ્ઞા ન પાળી તો ભગુભાઈને શું દુઃખ આવ્યું ?

૩. સ્વામીની આજ્ઞા આપણે પણ શા માટે પાળવી જોઈએ ?

●

# ૧૨. માણસનું ખાણું જાનવર ખાય ?

સંત મંડળી અને હરિભક્તોની સાથે ફરતાં ફરતાં સ્વામી એક ગામમાં આવ્યા.

ત્યાં રામો હાટી કરીને એક માણસ હતો. બધાં લક્ષણે પૂરો. દારૂ પીએ, માંસમાટી ખાય અને હિંસા પણ કરે.

સ્વામી મંડળી સાથે વાતો કરતાં ચાલતાં ચાલતાં ગામમાં આવ્યા, ત્યાં ચોકમાં એક લીમડો હતો.

લીમડા નીચે રામો હાટી બેઠો હતો.

સ્વામીએ એની પાસે જઈને કહ્યું : 'અહોહો ! રામા હાટી કે ! હેં રામા હાટી, મારે જરી તમારી પાસેથી જાણવું છે. આપણે મોતૈયા લાડુ અને સાટા જલેબી સાવજને નાખીએ તો એ ખાય કે નહિ ?'

રામા હાટીએ ઉત્સાહમાં આવી જવાબ દીધો : 'ના ખાય !'

સ્વામીએ પૂછ્યું : 'કેમ ના ખાય ?'



રામા હાટીએ કહ્યું : 'મહારાજ ! એ એનું ખાણું નહિ ! એ તો એનું જ ખાણું ખાય.'

ત્યારે સ્વામીએ કહ્યું : 'હેં રામા હાટી ! જાનવર માણસનું ખાણું ન ખાય અને માણસ જાનવરનું ખાણું ખાય એ કેવું કહેવાય ? જાનવર એનું પીવાનું હોય તે જ પીએ, એનું ખાજ હોય તે જ ખાય, અને માણસ જેવો માણસ ન પીવાનું પીએ અને ન ખાવાનું ખાય એ કેવી વાત ?'

ફટ્ દઈને રામા હાટીના દિમાગમાં અજવાળું થઈ ગયું. તે બોલી ઊઠ્યો : 'સ્વામી ! આજથી આ બધું છોડ્યું.'

સ્વામીની વાણી આવી ચોટદાર હતી, ભલભલાનાં વ્યસન મુકાવે તેવી હતી.

## સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. રામો હાટી કેવો હતો ?
૨. સ્વામીએ એની પાસે જઈને શો પ્રશ્ન પૂછ્યો ?
૩. સ્વામીની વાણીથી રામા હાટી પર શી અસર થઈ ?

●

# ૧૩. ચાંદીની પાલખીમાં ન બેઠા

સ્વામી ખંભાત પધાર્યા હતા.

ખંભાતના હરિભક્તોના આનંદનો પાર નહોતો.

સ્વામીની સવારી માટે નવાબ સાહેબે પોતાની ચાંદીની પાલખી ખાસ મોકલી હતી. ભક્તોએ સ્વામીને એ પાલખીમાં બિરાજવાનું કહ્યું. પણ સ્વામીએ કહ્યું : 'ના, સાધુથી ચાંદીના વાહનમાં બેસાય નહિ !'

ભક્તોએ કહ્યું : 'નવાબ સાહેબને ખોટું લાગશે.'

સ્વામીએ કહ્યું : 'હું નવાબના રાજીપા પર નથી જીવતો, મહારાજના રાજીપા પર જીવું છું. ધાર્યું તો મહારાજનું જ થાય છે !'

સ્વામી ચાંદીની પાલખીમાં ન બેઠા, એટલે સિગરામમાં એમની સવારી નીકળી. સ્વામી સિગરામમાં પોતાની ગોદડી ઓઢીને બેઠા હતા. આગળ-પાછળ સંતો અને હરિભક્તો કીર્તનો ગાતાં ચાલતા હતા. ઢોલ-નગારાં, ત્રાંસાં અને શરણાઈઓ વાગતી હતી. રસ્તાઓમાં અને મકાનોનાં બારી-ઝરૂખાઓમાં લોકો સવારીનાં દર્શન કરવા ટોળે વળ્યા હતા; અને સ્વામીનાં દર્શન કરી અંદર અંદર વાત કરતા હતા : 'મહા જોગી છે, મોટા સિદ્ધ છે ! એ વગર આવી ફાટેલી ગોદડી ઓઢી કોઈ સવારીમાં નીકળે નહિ !'

કેટલાક લોકોએ નવાબના કાન ભંભેરવા કહ્યું કે 'સ્વામિનારાયણના



સાધુએ તમારી ચાંદીની પાલખીમાં બેસવા ના પાડી, તમારું અપમાન કર્યું છે. જેની પાસે ઓઢવા સારું લૂગડું નથી તેનો આવો મિજાજ ?'

નવાબે પૂછ્યું : 'તો એ શું ઓઢે છે ?'

'જૂની-ફાટેલી ગોદડી ! એવી ગોદડી ઓઢીને એ સવારીમાં નીકળ્યા છે !'

વાત કહેનારે ધારેલું કે હવે નવાબ સ્વામિનારાયણિયાઓ પર ગુસ્સે થશે, પણ બન્યું એથી ઊલટું. નવાબે કહ્યું : 'નક્કી ઓલિયા ! મારે એ ઓલિયાનાં દર્શન કરવાં જોઈશે !'

તરત જ એમણે સ્વામીને સંદેશો મોકલ્યો કે આવતી કાલે હું આપનાં દર્શન કરવા આવીશ.

બીજે દિવસે નવાબ સ્વામીનાં દર્શન કરવા આવ્યા; સ્વામીની વાતોથી એ એવા ખુશ થયા કે એમણે સ્વામીના આખા મંડળને જમાડ્યું.

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો.**

૧. કયા ગામમાં સ્વામીની સવારી નીકળી હતી ?

૨. સ્વામી ચાંદીની પાલખીમાં શા માટે ન બેઠા ?

૩. સ્વામીને ફાટેલી ગોદડી ઓઢેલી જોઈ લોકો શું કહેતા ?

૪. 'ફાટેલી ગોદડી ઓઢીને સ્વામી સવારીમાં નીકળ્યા છે' એ વાત સાંભળીને નવાબે શું કહ્યું ?

•

## ૧૪. અવતાર લીલાની સમાપ્તિ

સ્વામી ગોંડલમાં હતા.

બપોરે જમીને મુખવાસ લેતા હતા, ત્યાં રાજ્યના દીવાન આવ્યા. કહે : 'સ્વામી ! શું જમો છો ?'

સ્વામીએ કહ્યું : 'ધાણાદાળ !'

દીવાને નવાઈ પામી કહ્યું : 'સ્વામી ! તમારે હજી દાંત છે !'

સ્વામી હસ્યા. કહે : 'હજી તો કાચા ચણા ચાવીએ એવા દાંત છે.'

દીવાને ફરી પૂછ્યું : 'સ્વામી ! તમને કેટલાં વરસ થયાં ?'

સ્વામીએ કહ્યું : 'વરસ તો બ્યાંશી થયાં છે.'

દીવાનના આશ્ચર્યનો પાર ન રહ્યો.

દીવાને કહ્યું : 'તો સ્વામી ! અમારા દાંત કેમ વહેલા પાડી નાખ્યા ?' આમ કહી એ હસ્યા.

એટલામાં મંદિરના દરવાજામાં કોઈ ઢોર પેઠું. સ્વામીએ કહ્યું : 'એ..ઈ કોણ છે ? ઓલ્યું ઢોર હાંકજો !'

દીવાનને નવાઈ પર નવાઈ થતી હતી. તેણે કહ્યું : 'સ્વામી ! આટલું દૂરનું તમને દેખાય છે ?'

સ્વામીએ હસતાં હસતાં કહ્યું : 'હા, હજુ તો ચંદ્રમાના અજવાળે શિક્ષાપત્રીનો પાઠ કરીએ એવી આંખો છે ?'

એકાએક દીવાનને પોતાની ઊણપોનું ભાન થઈ આવ્યું. સત્તાના અભિમાનમાં ભાન ભૂલી એ નિષ્ઠુર બની ગયો હતો. પોતાની એ નિષ્ઠુરતા માટે અત્યારે એને પાર વગરનો પસ્તાવો થયો. તેણે નમ્ર બની કહ્યું : 'સ્વામી ! હું તો હિરણ્યકશિપુ જેવો છું, પણ મારો દીકરો પ્રહ્‌લાદ જેવો છે. એ તમારો ભક્ત છે.'

આ સાંભળી સ્વામીની કરુણા ઊભરાઈ આવી. તેમણે દીવાનના હાથ પકડી લઈ કહ્યું : 'એ શું બોલ્યા ? તમે પણ સારા જ છો !'

ભલભલાનાં અંતર પિગાળવાની સ્વામીમાં આવી તાકાત હતી.

દીવાન હવે સાચેસાચ સ્વામીના ભક્ત બની ગયા હતા. ગોંડળના દરબારને તો સ્વામી પ્રત્યે ભાવ હતો જ. તેમણે પોતાના દરબારગઢમાં સ્વામીની પધરામણી કરી. તેમને ઊંચા આસને બિરાજમાન કરી કેસર-ચંદનથી તેમની પૂજા કરી. સ્વામીએ ત્યાં ભજન-કીર્તન કર્યાં. ભજન-કીર્તન પૂરાં થયાં પછી દરબારે કહ્યું : 'સ્વામી ! જૂનાગઢના મંદિરની સેવામાં મારા ગરાસની જમીન આપવાનો મેં લેખ કર્યો છે. તે આવતી કાલે આપને આપીશ.'

આ સાંભળી સ્વામી બોલ્યા : 'કાલ કોણે ભાળી છે ? આજે જ આપો !'

દરબારે તરત જ ઊભા થઈ એ લેખ લઈ આવી સ્વામીનાં ચરણોમાં ધરી દીધો. રાતે નવ વાગે સ્વામી મંદિરમાં પાછા આવ્યા.

ત્યાં દીવાનનો પુત્ર સ્વામીને પોતાને ઘેર પધરામણી માટે તેડી જવા આવ્યો હતો. તેણે જ કહ્યું : 'સ્વામી ! મોડું થયું છે તો પધરામણી કાલ પર

રાખીએ !'

પણ સ્વામીએ કહ્યું : 'ના, કાલે ઘણું મોડું થઈ જશે ! હમણાં જ ચાલો !'

તે ને તે જ વખતે તેઓ પધરામણી માટે ઊઠ્યા. ત્યાંથી દસ વાગે પાછા ફર્યા. સ્વામીને કંઈક અસુખ જેવું લાગતું હતું, પણ આગ્રહ કરી કરી તેમણે સૌને સૂવા મોકલ્યા, તે પછી પોતે એક થાંભલાને અઢેલીને આસન વાળીને શ્રીજીમહારાજનું ધ્યાન ધરવા બેઠા; અને એ જ સ્થિતિમાં મધરાત ઉપર પોણા કલાકે ધામમાં પધારી ગયા. (સંવત ૧૯૨૩ના આસો સુદ બારશ, ગુરુવાર). રાતોરાત ગામ આખામાં ખબર પહોંચી ગયા, ને હજારો લોકો સ્વામીના મૃત દેહનાં આખરી દર્શન માટે દોડી આવ્યા. દીવાન તો એમના દીવાનપદનો મોભો ભૂલી પોકેપોકે રોવા લાગ્યા.

ગોંડળી નદીના કિનારે અક્ષરવાડીમાં ચંદનકાષ્ઠની ચિતામાં સ્વામીના દેહને અગ્નિસંસ્કાર દેવામાં આવ્યો, ત્યારે હાજર રહેલા સૌની આંખોમાંથી આંસુ વહેતાં હતાં. સ્વામીના સમાધિસ્થાનને 'અક્ષર દેરી' કહે છે.

## સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. દીવાનને શા માટે આશ્ચર્ય થયું ?

૨. બ્યાંશી વર્ષની ઉંમરે પણ સ્વામીની આંખો કેટલી તેજ હતી ?

૩. દીવાનને પસ્તાવો શા માટે થયો ?

૪. સ્વામી ક્યારે અને કેટલાં વર્ષે ધામમાં ગયા ?

૫. સ્વામીના સમાધિસ્થાનને શું કહે છે ?

●

### શ્રીજીમહારાજના ભક્તો

## ૧૫. તેર પૈસાની જે !

મહારાજ ગઢડામાં ગોપીનાથ ભગવાનનું મંદિર બંધાવતા હતા.

હરિભક્તો બધા ભેગા થયા હતા.

કોઈ હજાર લખાવે, કોઈ બે હજાર લખાવે.

એમ લખણી ચાલતી હતી.

ત્યાં એક ગરીબ ફાટ્યાં-તૂટ્યાં લૂગડાંવાળો બ્રાહ્મણ આવ્યો.

નથી એના પગમાં પગરખાં; કેડે ફાટેલી ટૂંકી પોતડી, ને માથે ફાટેલું પાઘડું ! - આ એનો વેશ !

આખું ગામ એને દૂબળી ભટ્ટ કહીને ઓળખે.

દૂબળી ધીરે ધીરે ભીડમાં આગળ આવવાનું કરતો હતો, પણ એને કોણ મારગ આપે ? બધા સમજે કે અહીં લખણીમાં એનું શું કામ ?

એટલામાં મહારાજની એના પર નજર પડી.

એમણે હાથનો ઈશારો કરી લોકોને કહ્યું : ‘એને આવવા દો !’

એટલે દૂબળી ભટ્ટ તો મહારાજની સામે જ જઈને ઊભા.

માથેથી પાઘડું ઉતારી મહારાજના પગમાં મૂક્યું; ને પછી પાઘડીના ફાટેલા છેડાની ગાંઠો છોડવા માંડી. એક ગાંઠ છોડી, તેમાંથી એક પૈસો નીકળ્યો. બીજી છોડી, બીજો પૈસો નીકળ્યો. ત્રીજી છોડી, ચોથી છોડી - એમ કરતાં તેર ગાંઠો છોડી; તેમાંથી તેર પૈસા કાઢી તેમણે મહારાજના પગમાં ધર્યા ને કહ્યું : ‘મહારાજ, મારી પાસે મૂડીમાં જે કહો તે આ તેર પૈસા છે. મંદિરની સેવામાં આટલું સ્વીકારી મારા પર દયા કરો !’ બોલતાં બોલતાં તે નીચે બેસી પડ્યા.

તેર પૈસાનું સાંભળી સભામાં ઘણા હસ્યા, પણ મહારાજ હસ્યા નહિ. ઊલટું, આસન પરથી નીચે ઊતરી આવી તેમણે દૂબળી ભટ્ટને બેઠા કર્યા, ને કહ્યું : ‘ભટ્ટજી, પૈસા રાખો, નવું પાઘડું લાવજો !’

દૂબળી ભટ્ટ કહે : ‘હવે તો બેય પગ મશાણમાં છે. નવા પાઘડાનું શું કામ છે ?’

મહારાજે કહ્યું : ‘તો નવી પોતડી લાવજો !’



ભટ્ટે કહ્યું : 'આ છે તે શું ખોટી છે ? હવે કેટલા દિવસ માટે નવી પોતડી ?'

'તો લાવો તેર પૈસા !' કહી મહારાજે હાથ લાંબો કરી ભટ્ટજીના તેર પૈસા લીધા, ને કહ્યું : 'બોલો, ગોપીનાથ મહારાજની જે !'

સૌએ જે બોલાવી.

જે પૂરી થતાં થતાંમાં તો દૂબળી ભટ્ટ સભામાંથી જતા રહ્યા.

ત્યારે એક કાઠી દરબારે પૂછ્યું : 'મહારાજ ! હજાર હજાર આલ્યા એની જે નહિ, ને આ તેર પૈસાની જે ?'

મહારાજે કહ્યું : 'તમે બધાય જાણો છો કે દૂબળી ભટ્ટની પાસે નથી ઘર, નથી બાર, નથી પડી રહેવાનો ઓટલો ! 'ભિક્ષાં દેહિ' કરીને એ પેટ ભરે છે ! આ તેર પૈસા એની આખી જિંદગીની કમાણી છે. બીજા જેમણે હજાર આલ્યા, બે હજાર આલ્યા, તેમણે સૌએ પહેલી પોતાની જોગવાઈ રાખી ને પછી થોડું ભગવાનને માટે કાઢ્યું પણ આણે તો બધું જ ભગવાનને દઈ દીધું ! પોતાને માટે કંઈ જ રાખ્યું નહિ ! હવે તમે જ કહો, ભગવાન પર એનો ભરોસો વધારે કે તમારો ?'

હવે બધાને મહારાજની વાત સમજાઈ.

મહારાજે ફરી જે બોલાવી : 'ગોપીનાથ ભગવાનની જે !'

બધાએ એ 'જે'માં બીજી જે ઉમેરી : 'દૂબળી ભટ્ટની જે !'

આવા હતા મહારાજ !

ભાવથી આપેલો એક પૈસો તેમને મન લાખ રૂપિયા !

આવા હતા મહારાજના હરિભક્તો !

તન, મન, ધન મહારાજ માટે સમર્પણ !

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. મહારાજે ગોપીનાથ મહારાજની જે કેમ બોલાવી ?

૨. મહારાજ ક્યાં અને શેની લખણી કરાવતા હતા ?

૩. મહારાજના હરિભક્તો કેવા હતા ?

**ત્રણ લીટીમાં જવાબ આપો :**

'જે' બોલાવવાનું કારણ સમજાવતાં મહારાજે કાઠીઓને શું કહ્યું ?

•

## ૧૬. હૂકો ને અફીણ

મૂળુખાચર કરીને એક કાઠી દરબાર હતા.

એમને અફીણ ખાવા જોઈએ અને હોકો પીવા જોઈએ.

મહારાજ કહે : 'અફીણ-હોકો છોડો !'

મૂળુભા કહે : 'એ ના છૂટે !'

મહારાજ કહે : 'તો અમને છોડો !'

મૂળુભા કહે : 'એય ના છૂટે !'

મહારાજ હસ્યા.

થોડા વખત પછી મહારાજને વરતાલ જવાનું થયું. વરતાલમાં હરિભક્તોનો મેળો હતો. આવા મેળાને સમૈયો કહે છે.

મહારાજ કહે : 'મૂળુભા ! તમેય ચાલો !'

મૂળુભા મહારાજની સાથે સંઘમાં ચાલ્યા. પણ હોકો સાથે ખરો ! રસ્તામાં જ્યાં લાગ મળે ત્યાં મૂળુભા હોકો કાઢી ગુડગુડગુડ કરવા બેસી જાય !

એમ કરતાં સંઘ એક મોટા ગામમાં આવ્યો.

ગામમાંથી લોકો સંઘનાં દર્શન કરવા આવ્યા.

સ્વામિનારાયણના સંતો કેવા હોય, હરિભક્તો કેવા હોય તે લોકો જુએ,

ને એમની કથા-વાર્તા સાંભળે. સંઘમાં ક્યાંય બીડી, તમાકુ, અફીણ, ભાંગ કે ગાંજો કશું જોવા ન મળે ! લોકો કહે : 'વાહ ! આ સંતો ખરા ! આ હરિભક્તો ખરા !'

પછી ફરતાં ફરતાં લોકો મૂળુભા પાસે આવ્યા, જુએ તો મૂળુભા હોકો ગડગડાવતા હતા ! એ જોઈ લોકો કહે : 'બધા સ્વામિનારાયણિયા છે, પણ આ સ્વામિનારાયણિયો નથી લાગતો !'

આ સાંભળી મૂળુભા કહે : 'હું સ્વામિનારાયણિયો જ છું !'

લોકો કહે : 'ખોટી વાત ! સ્વામિનારાયણિયો કેવો હોય એની અમને ખબર છે ! તું તો ગાંગડું લાગે છે !'

આ સાંભળી મૂળુભાને લાગી આવ્યું કે 'આ તો મારે લીધે આખો સંઘ વગોવાય છે !' એટલે એમણે ઘા કરીને હૂકો ફેંકી દીધો ને જાહેર કર્યું : 'આજથી આ હૂકો બંધ !'

હૂકો ગયો, પણ અફીણ ચાલું હતું.

સંઘ વરતાલ આવ્યો. ત્યાં દૂર દૂરથી આવેલા હરિભક્તો મહારાજનાં ને સંઘનાં દર્શન કરવા ફરતા હતા.

ફરતાં ફરતાં તેઓ મૂળુભા પાસે આવ્યા. મૂળુભા અફીણ ઘોળતા હતા. એ જોઈ હરિભક્તો કહે : 'બધા સત્સંગી છે, પણ આ સત્સંગી નથી લાગતા ! બહારથી સંઘમાં ઘૂસી ગયા લાગે છે !'

ત્યારે મૂળુભા કહે : 'બહારથી નથી ઘૂસ્યો, અંદરનો જ છું. મહારાજ પોતે મને અહીં લઈ આવ્યા છે !'

હરિભક્તોએ કહ્યું : 'આવું બોલી મહારાજને શું કામ બદનામ કરો છો, ભાઈ !'

આ શબ્દો મૂળુભાના કાળજામાં વાગ્યા. તેમને થયું કે 'આ તો મારે લીધે મહારાજ વગોવાય છે ! મૂઉં આ અફીણ !' એમ કહી એમણે અફીણ ફેંકી દીધું, ને બધા હરિભક્તોના જેવા નિર્વ્યસની હરિભક્ત બની ગયા !

થોડા દિવસ પછી મહારાજના કાને વાત આવી કે મૂળુભા હવે અફીણ ખાતા નથી ને હૂકો પીતા નથી.

મહારાજે તેમને બોલાવી પૂછ્યું : 'કેમ, દરબાર આમ ?'

મૂળુભાએ કહ્યું : 'મહારાજ, એકમાં સંઘ વગોવાતો હતો અને બીજામાં

તમે વગોવાતા હતા, એટલે બેય છોડ્યાં ?'

મહારાજ કહે : 'પણ મેં તમને છોડવાનું કહ્યું નથી !'

મૂળુભા કહે : 'એ જ તો ખૂબી છે તમારી !'

આમ કહી, મૂળુભા દરબારે મહારાજના પગમાં માથું મૂક્યું.

આવા હતા મહારાજ !

ધીરે ધીરે તેઓ બધાને ઘડતા. ને પશુમાંથી દેવ બનાવતા !

આવા હતા મહારાજના ભક્તો !

પોતાને લીધે સત્સંગ વગોવાય નહિ તેની કાળજી રાખતા !

### સ્વાધ્યાય

**કોણ, કોને કહે છે :**

૧. 'બધા સત્સંગી છે, પણ આ સત્સંગી નથી લાગતા !'

૨. 'આજથી હૂકો બંધ !'

**ત્રણ લીટીમાં જવાબ આપો :**

૧. મૂળુભાનું અફીણનું વ્યસન કેવી રીતે છૂટ્યું ?

૨. મૂળુભાનું હૂકાનું વ્યસન કેવી રીતે છૂટ્યું ?

•

## ૧૭. દાસનું લક્ષણ શું ?

કચ્છના રાજાના એક મંત્રી હતા.

નામ સુંદરજી સુતાર.

એકવાર એ રાજકુંવરને પરણાવવા જાન લઈને નીકળ્યા હતા.

રસ્તામાં ગોંડલ આવ્યું.

ત્યાં એમને ખબર પડી કે નજીકના ગામમાં મહારાજનો મુકામ છે.

એટલે એ મારતે ઘોડે મહારાજનાં દર્શન કરવા ગયા. મહારાજને પગે પડ્યા. ત્યાં મહારાજે પૂછ્યું : 'કોણ એ ?'

સુંદરજીએ કહ્યું : 'હું સુંદરજી, આપનો દાસ !'

મહારાજે કહ્યું : 'દાસનું લક્ષણ શું ?'

સુંદરજીએ કહ્યું : 'માલિક કહે તેમ કરવું !'

મહારાજે કહ્યું : 'તો હું કહું છું, માથું અને મૂછ મૂંડાવી સાધુ થાઓ !'

તે જ ઘડીએ સુંદરજીએ વાળંદને બોલાવી દાઢી-મૂછ મૂંડાવી નાખ્યાં ને ભગવાં ધારણ કરી સાધુ બની ગયા.

પછી મહારાજે કહ્યું : 'અહીંથી સીધા કાશી જાઓ ! પગપાળા જવાનું !'

ક્યાં ગોંડલ ને ક્યાં કાશી ? વળી, પગે ચાલીને જવાનું ! પણ સુંદરજી સુતાર એક અક્ષરેય બોલ્યા વિના, તે જ ઘડીએ કાશી જવા નીકળી પડ્યા !

મુક્તાનંદ સ્વામી તે વખતે ત્યાં હાજર હતા. તેમણે કહ્યું : 'મહારાજ ! એ બાપડો રાજકુંવરને પરણાવવા નીકળ્યો છે, ત્યાં તમે એને સાધુ બનાવી દીધો ! આ કાંઈ ઠીક ના કર્યું !'

મહારાજે હસીને કહે : 'ઠીક, તો બોલાવો પાછા !'

તરત જ એમણે બે ઘોડેસવારોને સુંદરજીને પાછા લઈ આવવા મોકલ્યા. સુંદરજી પાછા આવ્યા. ને મહારાજને પગે લાગ્યા.

મહારાજ કહે : 'કોણ એ ?'

સુંદરજી કહે : 'હું સુંદરજી, આપનો દાસ !'

મહારાજ કહે : 'દાસનું લક્ષણ શું ?'

સુંદરજી કહે : 'માલિક કહે તેમ કરવું !'

મહારાજ કહે : 'તો હું કહું છું કે આ ભગવાં ઉતારી નાખો, ને અસલ પોશાક પહેરીને જાન લઈને નીકળ્યા છો એ કામ પાર પાડો !' આમ કહી મહારાજે એમનો ખભો થાબડ્યો.

સુંદરજીને મનમાં આનંદ થયો કે મહારાજે મારી કસોટી કરી ને એ કસોટીમાં હું પાસ થયો !

અસલનો દરબારી પોશાક પહેરી ઘોડેસવાર થઈ એ પાછા ગોંડલ આવ્યા.

પણ દાઢી-મૂછ મૂંડાવવાં, એ તો અપશુકન ગણાય, એટલે બધાં પૂછવા લાગ્યા : 'જાનમાં નીકળ્યા છીએ ત્યાં તમે આ શાનું મૂંડાવ્યું ?'

સુંદરજી ચતુર પુરુષ હતા. તેમણે જવાબ દીધો : 'અહીં અમારી કુળદેવી છે. રાજકુંવરના લગ્નનું શુભ કાર્ય રૂડી રીતે પાર પડે એટલા માટે મેં બાધા રાખેલી; તેથી દેવતાને મોવાળા દઈ દીધાં !'

હવે કોઈએ કંઈ ટીકા કરી નહીં.

આવા હતા મહારાજના હરિભક્તો !

તેઓ મહારાજનો પડ્યો બોલ ઉપાડતા !
આવા હતા મહારાજ !
તેઓ ભક્તોને ત્યાગની વાત શીખવતા !

### સ્વાધ્યાય

**વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

૧. સુંદરજી સુતાર ગોંડલના સુતાર ભક્ત હતા.
૨. સુંદરજી સુતારે કુળદેવીને પ્રસન્ન કરવા મૂંડન કરાવ્યું હતું.
૩. મહારાજની કસોટીમાંથી સુંદરજી સુતાર પાર ઊતર્યા.
૪. સુંદરજીએ મહારાજની આજ્ઞાનું પાલન કર્યું નહિ.

**એક વાક્યમાં જવાબ આપો.**

૧. દાસનું લક્ષણ શું ?
૨. સુંદરજી સુતાર કયા કામે જતા હતા ?
૩. મહારાજે સુંદરજીને ક્યાં જવા કહ્યું ?

•

## ૧૮. 'ઘરબાર મેલી હાલી નીકળજો !'

મહારાજ સૌરાષ્ટ્રનાં ગામડાંમાં ફરતા હતા, ત્યાં એમના કાને વાત આવી : 'કચ્છ-ભૂજના સુતાર કહે છે કે મહારાજના એક શબ્દ પર હું મૂછ-માથું મૂંડાવી સાધુ થયો હતો; આવું કોઈથી ન બને !'

મહારાજ સમજી ગયા કે સુંદરજીને અહંકાર થયો છે.

મોઢે તો કશું બોલ્યા નહિ, પણ એમણે એક કાગળ લખાવ્યો. તેમાં સુરા-ખાચર, અલૈયાખાચર, માંચાખાચર એવાં અઢાર જણનાં નામ પછી 'વગેરે' કરી લખ્યું કે 'આ કાગળ વાંચો કે ઘરબાર મેલી જેતલપુર જઈ રામદાસ સ્વામી પાસે દીક્ષા લેજો, કાશી તરફ હાલી નીકળજો ! કાશીથી પછી ભૂજ આવી અમને મળજો !'

પછી તેમણે બીજો પત્ર રામદાસ સ્વામીને લખ્યો કે 'સુરાખાચર વગેરે ત્યાં આવશે, તેમને ત્યાગીનાં કપડાં આપી દીક્ષા આપજો ! પણ કાશી જવા દેતા નહીં. એ સૌને લઈને તમે ભૂજ સુંદરજી સુતારને ઘેર આવજો !'

આ અઢાર કોઈ સામાન્ય માણસો નહોતા. કોઈ ઠાકોર હતા, કોઈ જાગીરદાર હતા, કોઈ જમીનદાર હતા, કોઈ શેઠિયા હતા.

મહારાજનો માણસ આ પત્ર લઈને ગયો. ગામેગામ ફરી તેણે તે અઢારે જણને વંચાવ્યો. એક જણ ઘર બંધાવતો હતો. તેણે કડિયા-મજૂરને મેલી સીધી જેતલપુરની વાટ લીધી. એક જણ ખેતરમાં જતો હતો તે ખેતર મેલી જેતલપુર તરફ વળ્યો. દરબારમાં બેઠેલા દરબારો દરબાર મેલીને ઊઠ્યા, દુકાનમાં બેઠેલા શેઠિયાઓ દુકાન મેલીને ચાલ્યા. એક જણ પરણવા નીકળ્યો હતો, સાથે એના મામા હતા. મહારાજના પત્રમાં મામાનું નામ હતું, એટલે મામા વરઘોડો મેલી ચાલ્યા. વરરાજાનું પત્રમાં નામ નહોતું પણ એય મામા જોડે ચાલ્યો. ત્યારે મામાએ કહ્યું કે 'પત્રમાં તો તારું નામ નથી !'

વરરાજા કહે : 'નથી કેમ ? છે ! મહારાજે અઢાર નામ લખ્યાં પછી 'વગેરે' લખ્યું છે તે મારા માટે છે !'

આમ, અઢારને બદલે ઓગણીસ જણા જેતલપુર પહોંચ્યા.

રામદાસ સ્વામીએ એ સૌનાં મૂછ-મૂંડાવી એમને ભગવાં પહેરાવ્યાં. પછી કહે : 'તમને બધાને લઈને મારે ભૂજ જવાનું છે !'

કેટલાય દિવસની પગપાળા મજલ કરી બધા ભૂજ આવ્યા. મહારાજને ખબર મળ્યા કે તરત ઊઠ્યા, ને ડગલે ડગલે દંડવત્ પ્રણામ કરતાં તેમની સામે ગયા. મહારાજ સૌને ખૂબ વહાલથી ભેટ્યા !

સુંદરજી સુતાર તો આ જોઈને આભા જ બની ગયા. તેમનો ગર્વ ગળી ગયો. મહારાજના પગમાં પડી તેમણે માફી માગી.

આમ, કેટલાક દિવસો ગયા. પછી એક દિવસ મહારાજે આ બધાને ભેગા કરી કહ્યું : 'મારી એક આજ્ઞા માની, હવે બીજી માનો ! ભગવાં ઉતારી હવે બધા ઘેર પાછા જાઓ !'

કોઈને આ વાત રુચિ નહીં, પણ મહારાજની આજ્ઞા એટલે શું થાય ? અઢાર જણે ભગવાં ઉતારી ગૃહસ્થનાં કપડાં પહેરી લીધાં, પણ પેલા ઓગણીસમાએ કહ્યું : 'ના, મારાથી એ નહીં બને !'

છેવટે મહારાજે એની વાત સ્વીકારી. એનું આ અદ્ભુત પરાક્રમ જોઈ મહારાજે તેનું નામ પાડ્યું : 'અદ્ભુતાનંદ !'

આવા હતા મહારાજ !

ભક્તો અહંકારી બને એ એમને ગમે નહીં !

આવા હતા મહારાજના ભક્તો !

દુનિયામાં મહારાજ કરતાં વધારે વહાલું એમને કાંઈ હતું જ નહીં !

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. સુંદરજીને શા માટે અહંકાર આવ્યો હતો ?

૨. સુંદરજીનો ગર્વ ઉતારવા મહારાજે શું કર્યું ?

૩. જેમને પત્ર લખ્યો, તે કેવા માણસો હતા ?

૪. મહારાજે પત્રમાં કેટલા જણનાં નામ લખ્યાં ?

૫. ઓગણીસ જણને કોણે ને ક્યાં ભગવાં પહેરાવ્યાં ?

૬. ઓગણીસમાને દીક્ષા આપી, તેનું નામ મહારાજે શું પાડ્યું ?

●

## ૧૯. ભૂંડું તાકનારનું ભૂંડું થયું !

એક હતો બ્રાહ્મણ. એનું નામ જગજીવન.

એ કચ્છના રાજાનો દીવાન હતો.

એકવાર એણે ચંડી માતાનો યજ્ઞ કર્યો.

યજ્ઞમાં બકરાનો ભોગ આપવાનો હતો.

યજ્ઞ કરાવવા કાશીથી મોટા મોટા પંડિતો આવ્યા હતા.

મહારાજ તે વખતે કચ્છમાં હતા, એટલે પોતાની મોટાઈ દેખાડવા જગજીવને મહારાજને પણ યજ્ઞમાં પધારવા કહ્યું.

મહારાજ યજ્ઞમાં પધાર્યા.

બ્રાહ્મણો યજ્ઞમાં આહુતિઓ આપતા હતા.

બીજી બાજુ, બલિદાન માટે બકરો શણગારાતો હતો.

મહારાજે યજ્ઞમાં બેઠેલા પંડિતોને અને જગજીવનને કહ્યું : 'ઈશ્વરે તમને બનાવ્યા છે, તેમ આ બકરાનેય બનાવ્યો છે. એક દીકરો બીજા દીકરાને મારી નાખે તો બાપ રાજી થાય નહિ ! તેમ બકરાને મારવાથી ઈશ્વર કદી રાજી થાય નહિ ! તમે યજ્ઞ કરો છો એ સારું છે, પણ તેમાં બકરાનો વધ કરો છો

એ ખોટું છે !'

બ્રાહ્મણોને મહારાજની વાત સાચી લાગી, પણ એમણે એ માની નહિ. જગજીવન કહે : 'અમે તો જે કરતા આવ્યા છીએ તે જ કરવાના !'

મહારાજ ઊઠીને ચાલી ગયા.

જગજીવને બકરાનો ભોગ આપીને યજ્ઞ પૂરો કર્યો.

પણ મહારાજ એના યજ્ઞમાંથી ઊઠીને જતા રહ્યા એથી એને મહારાજ ઉપર ક્રોધ ચડ્યો કહે : 'મહારાજે મારું અપમાન કર્યું છે !'

એણે મનમાં ગાંઠ વાળી કે કોઈ રીતે મહારાજને બતાવી આપું કે હું જે તે નથી, બંકો ભાયડો છું !

આ બંકો ભાયડો અહંકારમાં ભાન ભૂલી ગયો. ગુસ્સામાં આવી એકવાર એણે જમાદારને હુકમ કર્યો કે 'જાઓ, સ્વામિનારાયણને પકડી લાવો !'

જમાદાર હતો અરબ મુસલમાન. એ મહારાજને પકડવા ગયો, પણ મહારાજનું તેજ જોઈને અંજાઈ ગયો, ને બોલી ઊઠ્યો : 'તમે તે ખુદા છો કે ખુદાના બંદા છો ?'

મહારાજે કહ્યું : 'જેવી તારી શ્રદ્ધા !'

અરબ જમાદાર સમજી ગયો કે અહીં ખુદા પોતે જ છે ! એટલે મહારાજને પગે લાગી એ પાછો ફરી ગયો. જતાં જતાં એને વિચાર આવ્યો કે 'જગજીવન કેવો દુષ્ટ છે ! મહિનાઓથી અમારો પગાર ચડ્યો છે એ આપતો નથી ને અમને આવાં પાપી કામ કરવા મોકલે છે !'

જગજીવન ઉપર એને ખૂબ ક્રોધ ચડ્યો. આવા ક્રોધમાં ને ક્રોધમાં એ ચાલ્યો જતો હતો. ત્યાં જગજીવન જ એને સામો મળ્યો !

ખપ દઈને અરબ જમાદારે તલવાર ખેંચી ! તે જ ઘડીએ ભર બજારમાં એણે જગજીવનનું માથું ઉડાવી દીધું !

આવા હતા મહારાજ !

એમનું ભૂંડું તાકનારો પોતે જ પોતાના હાથે પોતાનું ભૂંડું કરતો !

## સ્વાધ્યાય

**યોગ્ય ખાલી જગ્યા પૂરો.**

૧. જગજીવન ............... રાજાનો દીવાન હતો. (કચ્છના, ગઢડાના, જૂનાગઢના)

૨. જગજીવને ................ નો ભોગ આપી યજ્ઞ પૂરો કર્યો. (શ્રીફળ, ઘી, બકરા)

૩. ............. જગજીવનને માર્યો. (મહારાજે, બ્રાહ્મણોએ, જમાદારે)

**ત્રણ લીટીમાં સમજાવો.**

૧. મહારાજે યજ્ઞમાં બેઠેલા પંડિતો અને જગજીવનને શું કહ્યું ?

૨. 'અહીં ખુદા પોતે જ છે.' - એમ જમાદાર કેવી રીતે સમજ્યો ?

●

## ૨૦. સગરામ ભગત

સગરામ કરીને એક વાઘરી હતો.

ઘણીવાર એ મહારાજનાં દર્શન કરવા જાય.

દર્શન કરે ને મહારાજની વાતો સાંભળે.

એકવાર એ મહારાજની પાસે ગયો.

પગમાં પડી કહે : 'મહારાજ ! મને સત્સંગમાં લો !'

મહારાજ કહે : 'પછી ચોરી નહિ કરાય !'

સગરામ કહે : 'નહિ કરું !'

'દારૂ નહિ પિવાય !'

'નહિ પીઉં !'

'હોકો-બીડી-તમાકુ બંધ !'

સગરામ કહે : 'બંધ !'

સગરામે હવે મહારાજે આપેલા નિયમ પ્રમાણે બરાબર જીવવા માંડ્યું એની આખી રીતભાત બદલાઈ ગઈ; આખો સ્વભાવ બદલાઈ ગયો.

બીચારો ગામડા ગામનો માણસ.

મહેનત-મજૂરી કરી પેટિયું રળી ખાય.

પણ વાર-તહેવારે મહારાજનાં દર્શન કરવા ગયા વિના ન રહે.

દર્શન કરે ને વિચાર કરે કે 'મહારાજ મારે ઘેર પધારે તો કેવું !'

પણ એના ઘરમાં મહારાજને બેસવાની તો ઠીક, ઊભા રહેવાનીય જગા ક્યાં હતી ?

પણ એના મનમાંથી આ વિચાર જાય નહિ. અને મન મૂકી મહારાજને કહેવાય નહિ કે 'મારે ઘેર પગલાં કરો !'

આમ, સગરામના દિવસો જતા હતા.

એવામાં મહારાજને લીંબડી જવાનું થયું. રસ્તામાં સગરામનું ગામ આવ્યું. મહારાજ કહે : 'આજની રાત આપણે અહીં જ મુકામ કરીએ ! અહીંની હવા સારી છે. અહીં બધું રૂડું રૂપાળું છે !'

હરિભક્તોને નવાઈ લાગી કે 'અહીં વળી રૂડું રૂપાળું શું છે ? અહીં તો થોડાં વાઘરીઓનાં છાપરાં સિવાય બીજું કશું નથી !'

પણ મહારાજે ત્યાં મુકામ કર્યો.

મધરાત થઈ, ને બધા જંપી ગયા, એટલે ધીરે રહીને મહારાજ ઊઠ્યા. ને છાનામાના સગરામના ઘર આગળ આવી ઊભા.

મીઠી હલકથી મહારાજે બૂમ પાડી : 'સગરામ, ઓ સગરામ !'

સગરામ તો પળેપળ મહારાજનું જ ચિંતન કરતો હતો. એકદમ બારણું ઉઘાડી તે બહાર આવ્યો. મહારાજને જોઈ એના આનંદનો પાર ન રહ્યો. એ મહારાજને પગે લાગવા જતો હતો, ત્યાં મહારાજે એને બાથમાં લઈ લીધો ! જેવો ભગવાન પર ભક્તનો પ્રેમ, તેથી અધિકો ભક્ત પર ભગવાનનો પ્રેમ !

મહારાજ સગરામના ઘરમાં દાખલ થઈ ગયા.

મહારાજ પધાર્યા તેથી સગરામ ખુશ હતો, પણ મહારાજને ક્યાં બેસાડવા ને શું કરવું તેથી તે મૂંઝાતો હતો.

પણ મહારાજે એની મૂંઝવણ ઉકેલી નાખી.

સગરામના ઘરમાં દહીંનું ઠામ અને રોટલો પડ્યાં હતાં. મહારાજે એ ઉપાડી ઊભાં ઊભાં જ પ્રસાદ આરોગવા માંડ્યો.

આમ, સગરામ ભગતની મનની ઇચ્છા મહારાજે પૂરી કરી.

આવા હતા મહારાજ !

એમની કરુણાનો પાર નહોતો.

## સ્વાધ્યાય

**એક વાકયમાં જવાબ આપો :**

૧. સગરામની રીતભાત કેવી રીતે બદલાઈ ગઈ !

૨. સગરામના મનમાં શો વિચાર રહેતો ?

૩. મહારાજ સગરામને ત્યાં શું જમ્યા ?

## ૨૧. બાઈ, તારો બેડો પાર !

મહારાજે જેતલપુરમાં યજ્ઞ કર્યો તે વખતની વાત છે.

યજ્ઞમાં હજારો માણસો આવે, એ સૌને જમાડવાના, એ માટે ગામે ગામથી ઘઉંનાં ગાડાં આવતાં હતાં.

મહારાજે નક્કી કર્યું કે ઘઉં ઘેર ઘેર દળવા આપવા.

દરેકને દોઢ મણ ! દોઢ મણથી વધારે કોઈને નહિ.

મહારાજ પોતે ઘઉંના ગાડાની સાથે ઘેર ઘેર જતા, ને ઘઉં આપતા.

એમ કરતાં ગાડું એક મોટા મકાન આગળ આવ્યું.

ઘરધણિયાણી બાઈ બહાર ઊભી હતી. કહે : 'મહારાજ ! દળામણ શું આપશો ?'

મહારાજ કહે : 'દળામણમાં આશીર્વાદ !'

બાઈ કહે : 'મારે એ જ જોઈએ છે ! લાવો ઘઉં !'

કેટલાક માણસોએ મહારાજને કહ્યું : 'મહારાજ ! આ બાઈનાં લક્ષણ સારાં નથી. એને આપવાથી આપણે હલકાં પડીશું.' મહારાજે આ સાંભળ્યું નહિ. ને બાઈને મહારાજ કહે : 'તમારે જાતે દળવું પડશે, ને સવારે લોટ પહોંચાડવો પડશે !'

બાઈએ એ વાત કબૂલ કરી.

મહારાજ ઘઉં દઈને ગયા. બાઈ નાહી-ધોઈ ઘઉં દળવા બેઠી. ભગવાનનું નામ લેતી જાય, ઘંટી ફેરવતી જાય !

દાસીઓ કહે : 'બાઈ, તમે કદી આવું કામ કર્યું નથી, તમારાથી એ નહિ થાય ! લાવો, અમે દળી નાખીએ !'

પણ બાઈ કહે : 'ના, હું જ દળીશ !'

અને એ દળતી જ રહી.

સવારની બપોર અને બપોરની સાંજ થઈ. રાત પડી.

પણ બાઈએ ઘંટી છોડી નહિ.

ન ખાધું, ન પીધું, બસ દળ્યા જ કરે.

હાથમાં ફોલ્લા પડ્યા ને ફોલ્લા ફૂટ્યા ને લોહી નીકળ્યું. પણ બાઈને એની પરવા નથી.



આંખમાં નીંદ આવે તો પાણી છાંટે છે, પણ દળે છે.

ઊંઘવાનું નામ લેતી નથી.

મહારાજને ઘઉં દળી દેવાનું વચન દીધું છે, એ પૂરું કરવું જ જોઈએ.

સવારનો કૂકડો બોલ્યો, ત્યારે ઘઉં દળાઈ રહ્યા.

બાઈ ઊઠી, દાતણ-પાણી કરી, નાહી-ધોઈ સ્વચ્છ સફેદ સાદાં કપડાં પહેરી, માથા પર લોટનો મોટો ટોપલો લઈ એ મહારાજની સામે જઈ ઊભી.

મહારાજે કહ્યું : 'ઘઉં તેં જાતે દળ્યા છે ? તારા હાથ દેખાડ !'

બાઈએ હાથ દેખાડ્યા. હાથમાં ફોલ્લા ફાટી ગયેલા. છોલાઈને લોહી નીકળેલું હતું.

મહારાજે બાઈને આશીર્વાદ દીધા : 'બાઈ, તારું કલ્યાણ થજો !'

આવા હતા મહારાજ !

ગમે તેવો માણસ હોય, તોપણ જો એમને શરણે જાય તેનો બેડો પાર !

## સ્વાધ્યાય

**એક વાકયમાં જવાબ આપો :**

૧. મહારાજે યજ્ઞ કયા ગામમાં કર્યો.

૨. ઘઉં દળવાની બાબતમાં મહારાજે બાઈ આગળ કઈ શરત મૂકી ?

૩. બાઈએ ઘઉં કેવી રીતે દળ્યા ?

૪. મહારાજ ઘેર ઘેર શું દળવા અને કેટલું દળવા આપતા હતા ?

**કોણ, કોને કહે છે તે જણાવો.**

૧. 'મારે એ જ જોઈએ છે, લાવો ઘઉં.'

૨. 'ના, હું જ દળીશ.'

૩. 'ઘઉં તેં જાતે દળ્યા છે ? તારા હાથ દેખાડ.'

•

## ૨૨. એક ભાઈ અને બે બહેનો

ગઢડાના દરબાર દાદાખાચરને બે બહેનો.

જીવુબા અને લાડુબા.

બેઉ પરણેલી, પણ સંસારમાં એકેનું મન નહિ.

નાનપણથી જ એમનાં મન હરિમાં લાગેલાં.

મહારાજ પર એમને અત્યંત વિશ્વાસ.

મહારાજનો પડ્યો બોલ ઉપાડે.

ગઢડામાં મહારાજનાં દર્શન કરવા રોજ ઢગલાબંધ માણસો આવે, સાધુ-સંતોયે ઘણા આવે. એ બધાની દેખભાળ રાખવાની. કોઈને ઓછું ન આવે એ જોવાનું.

વળી, સ્ત્રીઓમાં સત્સંગનું કામ એમને માથે.

આ બે બહેનોએ કેટલીય બહેનોને સત્સંગી બનાવેલી.

એકવાર મહારાજે દાદાખાચરને કહ્યું : 'દાદા, ગઢડાનો ગરાસ રાખીને તમારે શું કરવું છે ? આપી દો બેય બહેનોને !'

દાદાખાચરે કહ્યું : 'ભલે !'

એ જ વખતે એમણે આખોય ગરાસ બેય બહેનોનાં નામે કરી દીધો.

પછી મહારાજ કહે : 'હવે તમે શું કરશો ?'

દાદાખાચર કહે : 'નાની-મોટી ચાકરી શોધી લઈશ !'

પછી મહારાજ બેઉ બહેનોને બોલાવીને કહે : 'ગરાસના કામકાજની દોડાદોડી કોણ કરશે ? માટે વહીવટ કરવા કોઈને રાખો.'

બહેનો કહે : 'કોને રાખીએ ?'

મહારાજ કહે : 'દાદાખાચરને વળી !'



પછી દાદાખાચરને બોલાવી કહે : 'ચાકરી કરવી જ છે, તો અહીં જ કરો ને ! બહેનોના ગરાસનું કામ સંભાળો !'

વળી, દાદાખાચર કહે : 'ભલે !'

અને દરબાર ચાકર થયા !

આમ, બાર મહિના વીતી ગયા. દાદાખાચર આનંદથી બહેનોના વતી ગરાસનું કામકાજ કરતા હતા.

પછી એક દિવસ મહારાજે બે બહેનોને કહ્યું : 'તમારે ગરાસ રાખીને શું કરવું છે ? દઈ દો દાદાખાચરને પાછો !'

બહેનોએ ગરાસ દાદાખાચરને પાછો દઈ દીધો.

આવાં હતાં આ ભાઈ-બહેનો !

ત્રણે ત્યાગી ! ત્રણે નિર્લોભી ! ત્રણે નિર્મોહી !

મિલકત રહી તોય શું ને ગઈ તોય શું ? રહી તો હરખ નહિ. ગઈ તો શોક નહિ !

દાદાખાચરે પોતાની બધી જ માલ-મિલકત મહારાજની સેવામાં ધરી દીધી હતી. ગઢડામાં મંદિર બાંધવા જમીન ન મળી, તો દાદાખાચરે મહારાજને કહ્યું : 'મંદિર માટે મારો દરબારગઢ આપ્યો !'

દાદાખાચરના ભાવથી પ્રસન્ન થઈ મહારાજે ત્યાં ગોપીનાથજીનું મંદિર બાંધ્યું.

આવા હતા મહારાજના ભક્તો !

મહારાજ પર જેવો અચળ પ્રેમ, તેવી જ અચળ શ્રદ્ધા ! અને તેવું જ સમર્પણ !

આવા હતા મહારાજ !

ધીરે ધીરે ભક્તોનું પારખું કરતા જાય ને ભક્તોનું ઘડતર કરતા જાય !

## સ્વાધ્યાય

**ખાલી જગ્યા પૂરો :**

૧. દાદાખાચરે ગઢડાનો ગરાસ ............ ના નામે કરી દીધો. (મહારાજ, સંતો, બહેનો)

૨. દાદાખાચરને મહારાજે ................ મહિને ગરાસ પાછો આપ્યો. (છ, બાર, દસ)

૩. દાદાખાચરના ભાવથી મહારાજે ............ નું મંદિર દરબારમાં બાંધ્યું. (ગોપીનાથ, સ્વામિનારાયણ, રામજી)

**ટૂંક નોંધ લખો.**

૧. દાદાખાચર અને તેમનાં બહેનોને મહારાજ પર અચળ શ્રદ્ધા, પ્રેમ અને સમભાવના કેવી હતી ?

•

# ૨૩. ઉકાખાચરની સેવા !

ઉકાખાચર અને એમનાં પત્ની બેઉ અભણ.

પણ મહારાજની અને સંતોની સેવા કરવાની એમને ભારે હોંશ.

સંતો ને હરિભક્તો વહેલા પરોઢમાં નદીએ નાહવા જાય.

રસ્તામાં કાંટા-કાંકરા હોય, તે એમને પગમાં વાગેય ખરા.

ઉકાખાચર અને તેમનાં પત્નીએ વિચાર્યું : 'આપણે રોજ વહેલાં ઊઠી આ રસ્તો સાફ કરી નાખીએ !'

સંતો ઊઠે તે પહેલાં બંને જણ ઊઠે, ને સાવરણા લઈ નદીનો આખો રસ્તો સાફ કરી નાખે, પણ કોઈને આની ખબર પડવા દે નહિ !

સૌ જુએ કે રોજ કોઈ રસ્તો સાફ કરી જાય છે.

કેટલાક દિવસ એની તપાસ રાખી ત્યારે ખબર પડી કે આ તો ઉકા-ખાચર અને એમનાં પત્નીનું કામ !

બધાંએ કહ્યું : 'ભગત ! તમે આવું કામ ન કરશો !'

પણ ભગત કંઈ માને નહિ ! કહે : 'આ જ એક કામ એવું છે જે મને આવડે છે.'

આવું રોજ ચાલ્યા કરે.

રોજ નાહી-ધોઈને બધા મહારાજનાં દર્શન કરવા આવે. ઉકાખાચર પણ વખતસર એમાં હાજર હોય જ.

એક દિવસ એવું બન્યું કે બહાર ઝાડ હેઠળ એક ઓટલો હતો તે કૂતરાએ બગાડ્યો.

મહારાજ એ ઓટલા પર બેસી કથા-વાર્તા કરતા. એટલે બધા કહે : 'મહારાજ આજે કથા ક્યાં કરશે ? કો'કને બોલાવી ઓટલો સાફ કરાવી નાખીએ !'

એટલામાં ઉકાખાચર નદીએથી નાહીને આવ્યા.

તેમણે ઓટલો બગડેલો જોયો.

કંઈ પણ બોલ્યા વગર ઉકાખાચર સાવરણો ને પાણી લઈ આવ્યા; જાતે જઈને તેમણે ઓટલો સાફ કરી ધોઈ નાખ્યો. મળ દૂર જઈને નાખી આવ્યા, ને પછી ફરી વાર નદીએ નાહવા ગયા.

આ તરફ બધા ભક્તો મહારાજનાં દર્શન કરવા ભેગા થયા. ત્યાં ઉકા-ખાચર દેખાયા નહિ. એટલે મહારાજે ટકોર કરી કે ભગત આળસી ગયા કે શું ?

કેટલાક ભક્ત શું બન્યું તે જાણતા હતા, તેથી તેમણે મહારાજને વાત કરી કે ભગત ગંદું સાફ કરી ફરી નદીએ નાહવા ગયા છે !

એટલામાં તો ઉકાખાચર ત્યાં આવી પહોંચ્યા.

મહારાજ એમની વાત સાંભળી એવા ખુશ થઈ ગયા હતા કે ઊભા થઈને ભેટી પડ્યા, ને બોલ્યા : 'ભગત ! તમે તમારી મેળે સેવા શોધી લો છો એ ખરું કરો છો !'

ઉકાખાચરે કહ્યું : 'મહારાજ ! આ જ એક કામ એવું છે જે મને આવડે છે !'

આવા હતા મહારાજના ભક્તો !

નાનામાં નાની સેવા કરવામાંય એમને આનંદ થતો !

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. ઉકાખાચર અને તેમનાં પત્ની પરોઢિયે ઊઠીને શું કરતાં ?

૨. ઓટલો બગડેલો જોઈ લોકો શું કહેતા ?

૩. ઉકાખાચરને મહારાજની સભામાં આવતાં શા માટે વાર લાગી ?

૪. મહારાજે ઉકાખાચર પર ખુશ થઈ શું કર્યું ને શું બોલ્યા ?

•

## ૨૪. બમણાં ડગલાં ચાલ્યા !

મહારાજના ભક્ત ઝીણાભાઈ એકવાર માંગરોળ ગયા.

ત્યાં એમને ખબર પડી કે કમળશી વાંઝા બહુ બીમાર છે, અને કોઈ એમની સારવાર કરનારું નથી.

કમળશી વણકર ખરા, પણ હરિભક્ત હતા. ઝીણાભાઈ એમને મળવા ગયા.

કમળશીની હાલત જોઈ એમને બહુ લાગી આવ્યું. એમને મહારાજના શબ્દો યાદ આવ્યા કે સત્સંગીના તો દાસનાય દાસ થઈને રહેવું !

ઝીણાભાઈએ તરત જ નક્કી કરી નાખ્યું કે ‘કમળશીની સેવા મારે કરવી. હું એમને મારે ઘેર લઈ જઈશ !’

માંદા કમળશીને ખાટલામાં સૂતાં સૂતાં જ લઈ જવા પડે તેમ હતું. તેથી ઝીણાભાઈએ મજૂરો બોલાવ્યા. મજૂરો ચારને બદલે ત્રણ મળ્યા. ઝીણાભાઈ કહે : ‘ચોથો મજૂર હું ! ઉપાડો ભગતને !’ એમ કહી પોતે ખાટલો ખભે લીધો.

આમ, ચાર જણા ભગતને ઊંચકીને બહાર રસ્તા પર આવ્યા; ત્યાં ચોથો મજૂર મળી ગયો, એટલે ઝીણાભાઈ છૂટા થયા.

કમળશીને પંચાળા લાવી ઝીણાભાઈએ પોતાના જ કમરામાં એનો ખાટલો મુકાવ્યો અને રાત-દિવસ પોતે એની સેવા કરવા માંડી. માથું દાબે, પગ દાબે, કોળિયા કરી ખવડાવે અને એમનાં લૂગડાંયે ધોઈ નાખે.

પોતે ઠાકોર, તેમને નોકર-ચાકરેય ઘણા, પણ હરિભક્તની સેવા પોતે જાતે કરે.

મહારાજને આ ખબર પહોંચ્યા, ત્યારે મહારાજ એવા ખુશ થયા કે પોતે પંચાળા પધાર્યા, ને હેતથી ઝીણાભાઈને ભેટ્યા - એક વાર નહિ, સાત વાર !

મહારાજનો રાજીપો જોઈ ઝીણાભાઈના સુખનો પાર ન રહ્યો.

આ બનાવને કેટલોક વખત વીતી ગયો.

ઝીણાભાઈ મરણ પથારીએ પડ્યા.

મહારાજને ખબર મળ્યા એવા જ એ માણકી પર સવાર થઈ ઊપડ્યા, ને અડધી રાતે ઝીણાભાઈની ડેલીએ આવી ઊભા.

મહારાજ ઝીણાભાઈના ખાટલાના ઓશીકે જઈને બેઠા, ને એમના માથા પર હાથ ધર્યો. તે જ વખતે ઝીણાભાઈએ દેહ છોડ્યો.

પછી ઝીણાભાઈની સ્મશાનયાત્રા નીકળી. મહારાજે પોતે એમની નનામીને ખાંધ આપી. ડેલી બહાર રસ્તા સુધી મહારાજ એ રીતે ચાલ્યા !

આ પહેલાં મહારાજે કોઈને આવું માન આપ્યું નહોતું !

તેથી સૌને નવાઈ લાગી.

મહારાજે કહ્યું : 'કમળશીનો ખાટલો ખભે લઈ ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા હતા તેથી બમણાં ડગલાં ઝીણાભાઈની નનામી ઉપાડીને અમે ચાલ્યા ! ભગવાનના ભક્ત થવું કઠણ છે, અને ભક્તના ભક્ત થવું તો એથીય કઠણ છે ! એવું કઠણ કામ ઝીણાભાઈએ કર્યું તેથી અમારો એમના પર રાજીપો છે !'



આવા હતા મહારાજના ભક્તો !

હરિભક્તોની સેવામાં એમનું સુખ હતું.

આવા હતા મહારાજ !

ભક્તોના ભક્તની સેવામાં એમનું સુખ હતું.

**સ્વાધ્યાય**

**ત્રણ લીટીમાં જવાબ આપો :**

૧. ઝીણાભાઈ કમળશી વાંઝાને પોતાને ઘેર કેમ લાવ્યા ?

૨. ઝીણાભાઈએ ભગતની શી સેવા કરી ?

૩. ઝીણાભાઈની નનામી ઉપાડી મહારાજે શું કહ્યું ?

•

## ૨૫. જે ભક્તિ કરે તે મહારાજનો !

મહારાજ સુરત પધાર્યા હતા.

સુરતના હરિભક્તોએ ધામધૂમથી મહારાજનું સામૈયું કર્યું. પછી શહેરમાં મહારાજનો વરઘોડો નીકળ્યો.

મહારાજ માણકી ઘોડી પર બિરાજ્યા હતા.

મોટા પરમહંસો પાલખીઓમાં હતા.

અરદેશર કોટવાલ સૌના મોખરે ચાલતા હતા.

શેરીઓમાં, ઘરોનાં બારી-બારણાંમાં, અટારીઓ ને અગાશીઓમાં લોકોનાં ટોળાં ને ટોળાં હતાં.

ઠેરઠેર મહારાજ પર પુષ્પવૃષ્ટિ થતી હતી, ને મહારાજની જે બોલાતી હતી !

મહારાજની આગળ રોજ હરિભક્તોની સભા ભરાતી.

અરદેશર કોટવાલ પારસી હતા, પણ મહારાજના ભક્ત હતા.

તેમણે એકવાર મહારાજને અરજ કરી : 'મહારાજ, મારે ઘેર આપનાં પગલાં કરો !'

મહારાજને મન હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી કે જૈન એવો ભેદ નહોતો. જે મહારાજની ભક્તિ કરે તે મહારાજનો.

મહારાજ અરદેશર કોટવાલને ઘેર પધાર્યા.

પીરુશા કરીને અરદેશરના ભાઈ હતા. તેણે પણ મહારાજને પોતાને ત્યાં પધારાવ્યા.

એક દિવસ હરિભક્તોની મોટી સભા ભરાઈ હતી. તેમાં ઊભા થઈ અરદેશર કોટવાલે મહારાજને પ્રાર્થના કરી : 'મહારાજ ! ભગવાન રામચંદ્રે ભરતજીને પોતાની પાવડીઓ આપી હતી. તેમ આપ પણ આપની પ્રસાદી-રૂપે કોઈ ચીજ મને આપો !'

મહારાજે તે જ વખતે પોતાના માથેથી પાઘ ઉતારી અરદેશર કોટવાલને આપ્યો. કોટવાલના સુખનો પાર ન રહ્યો. આજે પણ એ પાઘ કોટવાલના વંશજો પાસે છે.

સુરતમાં કેટલાક અંગ્રેજો પણ હતા.

મહારાજના મહિમા વિષે તેમણે ઘણું સાંભળ્યું હતું.

તેથી મહારાજનાં દર્શન કરવાનું તેમને મન હતું.

તેમણે પણ મહારાજને પોતાને ઘેર પધારવા વિનંતી કરી.

મહારાજ એમને ઘેર પણ પધાર્યા. અંગ્રેજોએ ખૂબ ભાવથી મહારાજનો સત્કાર કર્યો.

આવા હતા મહારાજ !



જે ભાવથી બોલાવે તેને ત્યાં જાય !
તેમાં નાત-જાત, કાંઈ જુએ નહિ !

## સ્વાધ્યાય

**ખરું કે ખોટું જણાવો :**

૧. અરદેશર કોટવાલ વડોદરાના પારસી હરિભક્ત હતા.
૨. મહારાજને મન હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી કે જૈન એવો ભેદ નહોતો.
૩. રામચંદ્ર ભગવાને પોતાની મોજડીઓ ભરતજીને આપી હતી.
૪. મહારાજે અરદેશર કોટવાલને પોતાની પાવડી આપી.
૫. આજે પણ મહારાજની પ્રસાદીની પાઘ સુરતમાં કોટવાલના વંશજો પાસે છે.

●

# વિભાગ-બ

## ૧. પ્રાર્થના

સ્વીકારી લ્યો સ્વીકારી લ્યો, વંદન આજ અમારાં
અમે બાળક છીએ તમારાં, સ્વામી બાળક છીએ તમારાં..
નથી અમારી પાસે હો ભગવન, જાત જાતનાં ફૂલો (૨)
પણ ઉરની બગીઓમાં ખીલ્યાં છે, ભક્તિ ભાવનાં ફૂલો (૨)
એ ફૂલોને માની લેજો (૨) કુમળાં હૃદય અમારાં...અમે
ભોળા થઈને કરીએ અમે તો, ભાત ભાતની ભૂલો (૨)
પણ તુજને ન ભૂલીએ હરદમ, અમે ચડાવીએ ફૂલો (૨)
એ ફૂલોમાં મૂકીએ અમે તો (૨) હરદમ પ્રાણ અમારા...અમે

### સ્વાધ્યાય

આ પ્રાર્થના કંઠસ્થ કરો.

•

## ૨. શરીર

બે નાની આંખ - પ્રભુને જોવા માટે
બે નાના કાન - પ્રભુની વાણી સાંભળવા માટે
બે નાના પગ - પ્રભુનાં દર્શને જવા માટે
બે નાના હોઠ - પ્રભુના ગુણ ગાવા માટે
બે નાના હાથ - પ્રભુનાં કાર્ય કરવા માટે
એક નાનું હૃદય - પ્રભુ સાથે પ્રીત કરવા માટે

આવી રીતે આંખ, કાન, પગ, હોઠ, હાથ અને હૃદયથી આપણે શ્રીજી-મહારાજની ભક્તિ કરશું, તો આપણા ઉપર ગુરુ પ્રમુખસ્વામી રાજી થશે.

### સ્વાધ્યાય

**યોગ્ય જોડકણાં તૈયાર કરો.**

બે નાના પગ - પ્રભુના ગુણ ગાવા માટે

બે નાના કાન - પ્રભુનાં દર્શને જવા માટે
બે નાના હોઠ - પ્રભુની વાણી સાંભળવા માટે


•

## ૩. ઘર-મંદિર

આપણે ઘરમાં રહીએ છીએ. જુદી જુદી વસ્તુઓથી આપણે ઘરની સજાવટ કરીએ છીએ. એનાથી ઘર સારું લાગે, પણ ઘર પવિત્ર ન બને. ઘરને પવિત્ર બનાવવું હોય તો ઘરમંદિર જોઈએ. જે ઘરમાં મંદિર નથી એ ઘર સ્મશાન તુલ્ય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે.

આપણા ઘરમાં મંદિર હોય તો આપણને ભગવાનનાં દર્શન ઘરમાં જ થાય. ભગવાનની પૂજા પણ ઘરમાં જ થાય.

ઘરમાં નાનું એવું લાકડાનું કબાટ કે ઘરની દીવાલમાં ગોખલો કે હાટિયું હોય, તેમાં મંદિર ગોઠવવું. તેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામીની નાની



મૂર્તિઓ સુંદર ફ્રેમમાં મઢીને પધરાવવી.

રોજ સવારે મૂર્તિને સ્વચ્છ વસ્ત્રથી સાફ કરવી. ચંદન કે કંકુના ચાંદલા કરવા. અનુકૂળ હોય તો પુષ્પના હાર પહેરાવવા અથવા પુષ્પો ગોઠવવાં. આરતી કરવી. બપોરે થાળ ધરાવવો.

સાંજે પણ ઘરમાં બધાંએ ભેગાં મળીને, સંધ્યા આરતી કરવી. ધર્મગ્રંથમાંથી થોડું વાંચન કરવું. આમ કરવાથી ભગવાનની પૂજા-આરતી કરવાનો ને કથા કરવાનો રોજનો નિયમ સચવાય. આપણામાં ભક્તિ આવે. ઘરમાં હંમેશાં પ્રભુનો વાસ રહે. એથી ઘરનું વાતાવરણ પવિત્ર રહે, ઘરમાં કોઈ દિવસ ક્લેશ કે કંકાસ થાય નહિ. ઘરમાં સૌને શાંતિ મળે. ભગવાન આપણી અને ઘરની રક્ષા કરે.

ઘરમાં મંદિર હોય તોપણ ગામમાં હરિમંદિર કે શિખરબદ્ધ મંદિર હોય ત્યાં દર્શન કરવા અચૂક જવું.

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. ઘરને પવિત્ર બનાવવું હોય તો શું જોઈએ ?
૨. ઘરમંદિરમાં કોની કોની મૂર્તિઓ પધરાવાય ?
૩. સાંજે બધાએ ભેગા મળીને શું કરવું ?
૪. નિયમિત ભગવાનની પૂજા-આરતી કરવાથી આપણામાં શું આવે ?
૫. નિયમિત ઘરમાં ભગવાનની પૂજા-આરતી કરવાથી ઘરનું વાતાવરણ કેવું બને ?

●

## ૪. ભગતજી મહારાજ

સૌરાષ્ટ્રમાં મહુવા નામનું એક ગામ.

આ ગામમાં ભગતજી મહારાજનો જન્મ દરજી કુટુંબમાં થયો. સંવત ૧૮૮૫ના ફાગણ સુદ પૂનમનો એ દિવસ. નામ હતું પ્રાગજી પણ મોટા થઈને એવું કાર્ય કર્યું કે લોકો એમને ભગતજી મહારાજ કહેતા.

નાનપણથી ખૂબ જ ભક્તિભાવ.

ગામમાં લક્ષ્મીનારાયણ મંદિરમાં પોતાના મિત્રો સાથે રોજ આવતા.

મંદિરમાં પીપળા નીચે હનુમાનજીની દેરી છે. અહીં શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણીના વેશે પધારેલા. આ જ દેરી પાસે પ્રાગજી ભક્ત તેમના મિત્રો સાથે કુંડાળાની વચ્ચે નાચીને ભગવાનના નામની ધૂન મચાવતા.

ક્યારેક નિશાળેથી છૂટી ગામને પાદર વહેતી માલણ નદીને કાંઠે જતાં નદીના પટમાં બેસીને તેમના બાળ મિત્રોને કહેતા, 'હું તો બધું ભણેલો છું. આપણે તો પ્રભુ ભજવા અને ભજાવવા છે.'

મોટા થતાં પ્રાગજી ભક્ત ગોપાળાનંદ સ્વામીના યોગમાં આવ્યા. તેમની સેવા કરી તેમનો રાજીપો મેળવ્યો. ગોપાળાનંદ સ્વામી ધામમાં ગયા તે પહેલાં તેમણે પ્રાગજી ભક્તને કહ્યું, 'જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તું એમની પાસે જજે.'

પ્રાગજી ભક્ત જૂનાગઢ આવ્યા અને ગુણાતીતાનંદ સ્વામીમાં એવું મન લગાડી દીધું, એમના વચને એવી સેવા કરી કે સ્વામીશ્રીના તેઓ કૃપાપાત્ર બની ગયા.

જૂનાગઢ મંદિરમાં જૂની હવેલી તોડાવી નવી બાંધવાનું કામ ગુણાતીતાનંદ સ્વામી કરાવતા હતા. પાયા ખોદ્યા પછી પાયા પૂરવાનું કામ પ્રાગજી ભક્ત ઉત્સાહથી કરતા. રેતી ધોઈ, ગાળી, ટોપલામાં ભરી, ટોપલા માથે ઉપાડી, દોડીને પાયામાં પૂરે. પછી ચૂનો પીસવાનું કામ આવ્યું. ચૂનો પીસવામાં હાથ-પગ ફાટી જાય અને આંખે ગરમી ચડે તો આંધળા થવાય એ બીકે કોઈ આ કામ કરવા તૈયાર થાય નહિ. પણ પ્રાગજી ભક્તે એ કામ માથે લીધું. ચૂનાના કોથળા જાતે ઉપાડે, ઠાલવે, પાણી નાખી પલાળે, ને માટી ગૂંદે તેમ પગથી ગૂંદે. આમ, ત્રણ વરસ સુધી આ રીતે તેમણે હવેલીનું તમામ નાનું-મોટું કામ કર્યું. તનતોડ સેવા તો તેમણે ઘણીયે કરી હતી.

કોઈ પૂછે તો કહે : 'ગુણાતીતાનંદ સ્વામી માટે આ દેહ કુરબાન છે. દેહના અને મનના ચૂરા કરીને સ્વામીને રાજી કરી લેવા છે.'

ભગતજી મહારાજની આ વાત આપણે રોજ યાદ રાખીએ.

'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' આ વાત તેઓ સમજાવતા ત્યારે તેમણે ઘણાં ઘણાં કષ્ટો, અપમાનો સહન કર્યાં હતાં, છતાં સાચી વાત તો તેમણે છોડી જ નહિ.

શાસ્ત્રીજી મહારાજે પણ ભગતજી મહારાજને ગુરુ કરેલા.

'બોલો ભગતજી મહારાજની જય !'


### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. ભગતજી મહારાજનો જન્મ ક્યાં અને કેવા કુટુંબમાં થયો હતો ?
૨. નદીના પટમાં બેસીને પ્રાગજી ભક્ત તેમના મિત્રોને શું કહેતા ?
૩. ગોપાળાનંદ સ્વામી ધામમાં ગયા તે પહેલાં તેમણે ભગતજી મહારાજને શું કહેલું ?
૪. ભગતજી મહારાજને ઘણાં કષ્ટો, અપમાનો શા માટે સહન કરવાં પડતાં ?
૫. ભગતજી મહારાજની કઈ વાત આપણે રોજ યાદ રાખવા જેવી છે ?

●

# ૫. સ્તુતિ



(૧) સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્ ॥

અહીં સર્વે સુખી થાઓ, સર્વે દુઃખ વ્યાધિથી મુક્ત રહો, સર્વે કલ્યાણકારી જોતા થાઓ, કોઈને પણ દુઃખ થાઓ નહિ.

●

(૨) અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ ત્વં પુરુષોત્તમ ॥

હે પુરુષોત્તમ ! મારે બીજા કોઈનું શરણ નથી, આપનું જ શરણ છે તો કરુણા કરી મારું રક્ષણ કરો.

●

(૩) આચારઃ પરમો ધર્મઃ આચારઃ પરમં તપઃ ।
આચારઃ પરમં જ્ઞાનં આચારાત્ કિં ન સાધ્યતે ॥

આચાર-આચરણ એ જ પરમ ધર્મ છે, આચરણ એ જ શ્રેષ્ઠ તપ છે, આચરણ એ જ શ્રેષ્ઠ જ્ઞાન છે. આચરણથી શું સાધી શકાતું નથી ? અર્થાત્ આચરણથી બધું જ સાધી શકાય.

●

(૪) અતિ મનોહરં સર્વ સુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણં ।
વિબુધવન્દિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુનો નિત્ય દર્શને ॥

અતિશય મનોહર, બધા કરતાં સુન્દર, અંગો ઉપર તિલનાં ચિહ્નોવાળું, ચંચલ દૃષ્ટિથી યુક્ત, દેવોએ વંદન કરેલું એવું આપનું દિવ્ય શરીર હે સ્વામીનાથ, હે મહારાજ ! અમારાં નિત્ય દર્શનમાં રહો.

●

### સ્વાધ્યાય

**નીચેના શ્લોકો પૂરા કરો :**

૧. આચારઃ પરમો ધર્મ ..........

૨. અતિ મનોહરં સર્વ સુન્દરમ્ ................

●

## ૬. અચલ યશનો ડુંગર

*(શાસ્ત્રીજી મહારાજ એટલે 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા'ના સ્થાપક. તેઓનો જન્મ સંવત ૧૯૨૧ની વસંતપંચમીને દિવસે મહેળાવ ગામમાં થયો હતો. બાળપણનું નામ ડુંગર ભક્ત હતું. પિતાનું નામ ધોરીભાઈ, માતાનું નામ હેતબા. સત્તર વર્ષની ઉંમરે તેમણે ઘર છોડ્યું અને આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે તેમને સાધુની દીક્ષા આપી 'યજ્ઞપુરુષદાસ' નામ પાડ્યું. તેઓ વિદ્વાન શાસ્ત્રી તેથી લોકો તેમને શાસ્ત્રીજી મહારાજ કહેતા. તેમણે બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડામાં મંદિરો બાંધ્યાં.*

*આપણા ગુરુ પ્રમુખસ્વામી મહારાજને શાસ્ત્રીજી મહારાજે સંસ્થાના*

*પ્રમુખ તરીકે નીમ્યા હતા. તેમનો બાળપણનો એક પ્રસંગ અહીં લેવામાં આવ્યો છે.)*

ધોરીભાઈ પોતાના નાના છ વર્ષના ડુંગરને રોજ પડખે સુવાડે અને મહાભારત, રામાયણ, ભાગવતની વાતો કરે. ડુંગરની યાદશક્તિ બહુ ભારે. જે કથાવાર્તા સાંભળે, તે એને બરાબર યાદ રહી જાય અને જેમ સાંભળી હોય, તેમ એ કહી બતાવે. કેટલીકવાર પિતાપુત્રની આ વાતો મોડી રાત સુધી ચાલ્યા કરે.

એકવાર પિતાએ રાત્રે બાળકને વાતો કરી સુવાડી દીધો. પણ એ રાત્રે એમને ખેતર સાંભળવા જવાનું હતું, તેથી બાળક ઊંઘી ગયો એટલે એ હળવેથી ઊઠ્યા ને ગામથી દૂર આવેલા પોતાના ખેતરમાં ચાલ્યા ગયા.

મધરાતે ડુંગર જાગી ગયો. જુએ છે તો પડખે પિતાજી સૂતેલા નથી. એ સમજી ગયો કે પિતાજી ખેતરમાં ગયા છે. તરત જ એણે વિચાર કરી લીધો : ‘હું પણ ખેતરે જાઉં.’

હાથમાં નાનકડો ડંગોરો લઈને એ ઊપડ્યો - મધરાતે ખેતરે જવા.


નાનકડો છ વર્ષનો બાળક.

ગામ છોડ્યું, સીમ છોડી અને જંગલની વાટે એ ચાલ્યો જાય છે. વગડામાં વિચિત્ર અવાજો થાય છે. ક્યાંક ઝાડ પર સૂતેલાં પંખીઓ પર શિકારી પંખી તરાપ મારે છે; પંખીઓ બીને કોલાહલ કરે છે. ક્યાંક શિયાળવાં રડે છે. ક્યાંક સસલાં ભાગંભાગ કરે છે.

નાનકડો ડુંગર હાથમાં ડંગોરો ફેરવે છે ને મોઢે ‘સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ’ જપે છે. મનમાં ને મનમાં કહે છે : ‘પાંચ વર્ષનો ધ્રુવજી વનમાં જતાં નહોતો ડર્યો, તો હું શું કરવા ડરું ?’

એમ કરતાં એ ખેતરમાં આવી પહોંચ્યો. પિતા ધોરીભાઈ તો મધરાતે એકલા આવી ચડેલા નાનકડા દીકરાને જોઈ આભા બની ગયા. તેમણે દોડીને તેને તેડી લીધો ને કહ્યું : ‘આટલી રાતે ઘેરથી એકલો આવતાં તને બીક ન લાગી ?’

નાનકડા ડુંગરે કહ્યું : ‘બીક શાની લાગે ? સ્વામિનારાયણ ! સ્વામિ-નારાયણ ! કરીએ તો બીક પોતે જ બીને ભાગી જાય એવું તમે જ શીખવ્યું છે તો ? ભૂતબૂત સામે આવે તો આ ડંગોરો જોયો છે ?’



બાપથી બોલાઈ ગયું : 'ખરો મારો ધ્રુવજી !'

ધ્રુવજી જ તો ! ધ્રુવ એટલે અચળ. જેવો ધ્રુવ અચળ તેવો ડુંગર પણ અચળ !

એકવાર ડુંગરે નક્કી કર્યું કે આમ કરવું છે, પછી સામે ભૂત આવે કે પ્રેત આવે, સુર આવે કે અસુર આવે, લાલચ આવે કે લોભ આવે, જે સામું આવે તેના ભુક્કા !

યશની ધજા ડુંગર માથે ચડે; ચડે ને ચડે જ ! એ અચલ યશનો ડુંગર તે સ્વામી યજ્ઞપુરુષદાસ - શાસ્ત્રીજી મહારાજ !

## સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો.**

૧. 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા'ના સ્થાપક કોણ ?

૨. શાસ્ત્રીજી મહારાજનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?

૩. શાસ્ત્રીજી મહારાજે કયા કયા સ્થળે મંદિરો બાંધ્યાં ?

૪. નાનકડા ડુંગર જંગલમાં જતાં રસ્તે મોઢે શું કહેતા અને મનમાં શું કહેતા ?

૫. અચલ યશનો ડુંગર કોણ ?

•

# ૭. એકાદશી

નાનકડા પાંચ વર્ષના ડુંગર ભક્ત. એમના કુટુંબમાં લગ્નપ્રસંગ આવ્યો. લગ્નમાં જવાની ડુંગર ભક્તની ઈચ્છા નહિ. પણ સૌ એમનો આગ્રહ કરીને લઈ ગયા. લગ્નમાં તો સૌ સારું ખાય, આનંદ કરે, પણ ડુંગર ભક્ત તો ગામમાં મંદિર ગોતી ત્યાં જતા રહ્યા.

જમવાનો વખત થયો. ડુંગર ભક્તને સૌ ગોતવા લાગ્યા. પણ ડુંગર ભક્ત શાના મળે ?

ગોતતાં ગોતતાં સૌ મંદિરમાં આવ્યા. ડુંગર ભક્ત તો કથા સાંભળે. સૌએ જમવા આવવા કહ્યું. ત્યારે નાનકડા ડુંગર ભક્તે તો મક્કમતાથી કહ્યું કે 'આજે એકાદશી છે એટલે મારે તો ઉપવાસ છે.'

સૌએ બહુ આગ્રહ કર્યો પણ ડુંગર ભક્ત શાના માને ? પછી તો સૌના

આગ્રહથી એમણે થોડું ફરાળ કર્યું, પણ એકાદશીના દિવસે અનાજ તો ન જ ખાધું.

પંદર દિવસે એકવાર એકાદશી કરવાથી, અનાજ નહિ ખાવાથી શરીર સારું રહે. પેટમાં પાચનક્રિયાને આરામ મળે. એટલે પાચનશક્તિ વધે. નાના-મોટા રોગ પેટમાંથી દૂર થાય. શરીર શુદ્ધ થાય એટલે મન પણ શુદ્ધ થાય, બુદ્ધિ તેજ થાય.

આમ, એકાદશી એટલે દેહથી અને મનથી તપ કરવાનું. સાથે સાથે ભગવાનનું ભજન-સ્મરણ કરવાનું. તપ કરવાથી ભગવાન રાજી થાય. તપ કરવાથી ગુરુ પ્રમુખસ્વામી રાજી થાય. માટે એકાદશી હંમેશાં કરવી.

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. પાંચ વર્ષના ડુંગર ભક્ત શા માટે લગ્નમાં ન જમ્યા ?

૨. એકાદશી મહિનામાં કેટલી આવે ?

૩. એકાદશી કરવાથી શરીર કેવી રીતે શુદ્ધ થાય ?

૪. એકાદશી એટલે શું ?


૫. તપ કરવાથી કોણ રાજી થાય ?

•

## ૮. શ્રીજીમહારાજ અને સ્વામી થાળ જમ્યા

*(યોગીજી મહારાજનો જન્મ સંવત ૧૯૪૮ના વૈશાખ વદિ બારશને દિવસે ધારી ગામમાં થયો હતો. માતાનું નામ પુરીબા અને પિતાનું નામ દેવચંદભાઈ. નાનપણમાં ભણવામાં ખૂબ હોશિયાર. દરેક ધોરણમાં પહેલો જ નંબર આવે. ૧૭ વરસની ઉંમરે સાધુની દીક્ષા લીધી. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી તેઓએ સત્સંગ પ્રચારનું કાર્ય ઉપાડી લીધું. યોગીજી મહારાજને બાળકો બહુ ગમતાં. તેમણે આપણા બાળમંડળની સ્થાપના કરી હતી. પરદેશમાં તેઓએ ઘણો પ્રચાર કરી મંદિરો બાંધ્યાં.*

*પ્રમુખસ્વામી મહારાજની ઓળખાણ આપતાં તેમણે ધામમાં જતાં પહેલાં સૌને કહ્યું હતું : 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે. તમને સૌને હવે તેમના દ્વારા સુખ મળશે.'*



*યોગીજી મહારાજના બે પ્રસંગો અહીં વણી લીધા છે.)*

એકવાર યોગીજી મહારાજ સંતમંડળ લઈને ભાવનગર પધાર્યા હતા.

શ્રાદ્ધના દિવસો હતા. એક હરિભક્તના પિતાનું શ્રાદ્ધ હતું.

હરિભક્તે સમગ્ર સંતમંડળને તથા શહેરના કેટલાક હરિભક્તોને પણ આ પ્રસંગે જમવા નિમંત્ર્યા હતા.

ભોજન પહેલાં ભગવાનને થાળ ધરાવવામાં આવ્યો. થાળમાં દસ લાડુ, દાળભાત, શાક, ભજિયાં વગેરે ધરાવવામાં આવ્યું. પાણીના ભરેલા બે કટોરા પણ ધરાવવામાં આવ્યા.

કેટલાક ભક્તોએ યોગીજી મહારાજને કહ્યું : 'સ્વામી ! સાક્ષાત્ શ્રીજી-મહારાજ અને અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આપના હાથનો થાળ જમે તેમ પ્રાર્થના કરો !'

યોગીજી મહારાજે હસીને કહ્યું : 'મહારાજને પ્રાર્થના કરીએ.'

ઠાકોરજી પાસે થાળ મૂકીને યોગીજી મહારાજે પડદો બંધ કર્યો. અને 'મારે ઘેર આવજો છોગલાં ધારી' વગેરે ત્રણ થાળ ભાવથી બોલ્યા. આમ, અડધો કલાક ગયો. પછી એમણે પડદો ઉઘાડ્યો. જોઈને સૌની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. થાળમાં દસ લાડુને બદલે પાંચ હતા ! અને દાળભાત, શાક, ભજિયાં પણ ઓછાં થયાં હતાં. પાણીના બે કટોરા તો સાવ ખાલી જ હતા !

શ્રીજીમહારાજ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી યોગીજી મહારાજને વશ છે, એની સૌને પ્રત્યક્ષ ખાતરી થઈ.

### સ્વાધ્યાય

**ખરું કે ખોટું જણાવો :**

૧. યોગીજી મહારાજનો જન્મ મહેળાવ ગામમાં થયો હતો.

૨. નાનપણમાં યોગીજી મહારાજ દરેક ધોરણમાં પહેલો નંબર લાવતા.

૩. યોગીજી મહારાજને બાળકો નહોતા ગમતાં.

૪. હરિભક્તોની પ્રાર્થનાથી શ્રીજીમહારાજ થાળ જમી ગયા.

૫. ધામમાં જતાં પહેલાં યોગીજી મહારાજે સૌને કહ્યું : 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે.'

•

## ૯. ચપટી દઈ ખોબો લેવાની વિદ્યા

યોગીજી મહારાજની ઉંમર નાની, પણ સેવા મોટી.

વહેલી સવારથી મોડી રાત લગી સેવામાં જ રચ્યાપચ્યા રહે. ઉપવાસ હોય ત્યારે પણ સેવા તો ખરી જ. અને ઉપવાસ પણ દર ત્રીજે દિવસે કરે.

રસોડાના કામમાંય પાછા ન પડે. રોટલા ઘડતા જાય અને એક સાથે બે તાવડા પર શેકતા જાય. સાથે ભજનો બોલતા જાય ને જપ ચાલતો જાય. પીરસવાનું કામ પણ પોતે કરે. સૌને જમાડી પોતે છેલ્લે જમે.

કૂવામાંથી સિંચી સિંચીને પાણી પણ ભરે. અનેકને નવડાવે. કપડાં ધોવાનોય સંકોચ નહિ. આટલી સેવા છતાં વાસણ ઊટકવા બેસી જાય. તેમાં કલાકો જાય તોય વાંધો નહિ ! સેવા થાય છે ને સેવાની સાથે મંત્રનો જાપ થાય છે ને !

સત્સંગનો પ્રચાર કરવા ગામડે ગામડે ફરે, ઝોળી માગવા ઘેર ઘેર ફરે; દે એને આશીર્વાદ, ન દે એનેય આશીર્વાદ !

એકવાર એક ગામમાં સંતમંડળનો મુકામ હતો. યોગીજી મહારાજ એક અંધ સાધુને પોતાની સાથે ઝોળી માગવા લઈ જતા. અંધ સાધુનો હાથ પકડી એમને ધીરે ધીરે ચલાવે.

એકવાર કોઈકે કહ્યું : 'આવા ઘરડા અને અંધ સાધુને આંગળીએ ઝાલી ઝોળી માગવા નીકળો છો તેના કરતાં કોઈ યુવાન સાધુને સાથે રાખતા હો તો ? વૃદ્ધ અને અંધને સાથે ફેરવવાની કેટલી તકલીફ ?'

ત્યારે યોગીજી મહારાજે હસીને કહ્યું, 'તમે જેને તકલીફ કહો છો તેને હું મારું સદ્‌ભાગ્ય કહું છું. વૃદ્ધ સાધુની સેવા તો હું ચપટી જેટલી કરતો હોઈશ, પણ તેઓ મારી ખોબો ભરીને સેવા કરે છે તો !'

'એ વળી શું ?'

ત્યારે યોગીજી મહારાજે હસીને કહ્યું : 'એમની સાથે ફરું છું એટલે એમના અનુભવનો અને જ્ઞાનનો મને કેટલો બધો લાભ મળે છે ? ચપટી દઈને ખોબો ભરીને લેનારો છું !'

આમ કહી તેઓ જોરથી હસ્યા.

વડીલની સેવા કરવી એ યોગીજી મહારાજને મન સદ્‌ભાગ્ય હતું. ચપટી દઈને ખોબો લેવાની આ વિદ્યા યોગીજી મહારાજ પાસેથી સૌએ શીખવા જેવી છે.

## સ્વાધ્યાય

**ટૂંકમાં સમજાવો :**

૧. યોગીજી મહારાજ કયા કયા પ્રકારની સેવા કરતા ?

૨. 'ચપટી દઈ ખોબો ભરવાની વિદ્યા' આનો અર્થ યોગીજી મહારાજ શું કરતા ?

•

## ૧૦. થાળ

મારે ઘેર આવજો છોગલા ધારી (૨)
લાડુ જલેબી ને સેવ સુંવાળી,
હું તો ભાવે કરી લાવી છું ધારી.. મારે ઘેર.
સૂરણ પૂરણ ને ભાજી, કારેલાં, પાપડ, વડી વઘારી;
વંતાક વાલોળનાં શાક કર્યાં,
મેં તો ચોળાફળી છમકારી.. મારે ઘેર.
કાજુ કમોદના ભાત કર્યા, મેં તો દાળ કરી બહુ સારી;
લીંબુ કાકડીનાં લેજો અથાણાં,
કઢી કરી છે કાઠિયાવાડી.. મારે ઘેર.
લવિંગ સોપારી ને પાન બીડી વાળી, તજ એલચી જાવંત્રી સારી,
નિશદિન આવો તો ભાવે કરી ભેટું,
એમ માગે જેરામ બ્રહ્મચારી.. મારે ઘેર.

### સ્વાધ્યાય

**વચ્ચેની કડી પૂરી કરો :**

૧. કાજુ કમોદના ................... માગે જેરામ બ્રહ્મચારી.

•

## ૧૧. આપણા સંતો

ઘરનો, સગાં-કુટુંબીનો ત્યાગ કરે એ સંત.

સંત ભગવાં કપડાં પહેરે. ધોતિયું પહેરે. ખભા પર વસ્ત્ર ઓઢે. માથે પાઘ મૂકે. સંત સીવેલાં કપડાં ન પહેરે.

સંત સ્ત્રી સાથે બોલે નહિ.

સંત સ્ત્રીને જાણીને જુએ નહિ.

સંત સ્ત્રીને અડી જાય તો ઉપવાસ કરે.

સંત પૈસા રાખે નહિ અને અડે પણ નહિ.

સંત લાકડાના પત્તરમાં જમે.

સંત બીજા સંતની જોડમાં જ બહાર જાય.
સાચું બોલે એ સંત.
ભક્તિ કરે એ સંત.
સેવા કરે એ સંત.
સહન કરે એ સંત.
સંત સારી સારી વાત કરે.
સંતો ધર્મની વાત કરે. ધર્મ એટલે સારું આચરણ.
સંતો સેવાની વાત કરે.
સંતો સેવા કરવાનું શીખવે.
સંતો પરોપકારી બનવાનું શીખવે, પ્રભુનું ભજન કરતાં શીખવે.
સંતો શિસ્તની વાત કરે, ધર્મ-નિયમ પાળવાનું શીખવે.
સંતો આવી વાત કરે.
તે વાત રોજ સાંભળવી.
સંતોનાં પવિત્ર ચરણે વંદન કરવું.
એમને વંદન કરવાથી આપણામાં તેમનો ગુણ આવે.
વંદન વિનયથી કરવું.
વંદન શુભ ભાવથી કરવું.
વંદન પૂજ્યભાવથી કરવું.

## સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. સંતો શેનો ઉપદેશ આપે ?
૨. ધર્મ એટલે શું ?
૩. સંતો શું શું શીખવે ?
૪. સંતોનાં પવિત્ર ચરણે શા માટે વંદન કરવું જોઈએ ?
૫. વંદન કેવી રીતે કરવું ?
૬. સંતો સ્ત્રી સાથે કેવી રીતે વર્તે ?

●

## ૧૨. 'આ તો અમારા છે'

વડોદરા જિલ્લાનું નાનકડું ગામ ચાણસદ.

ગામમાં રામાનંદી સાધુનું મંદિર છે.

એ મંદિરમાં બે છોકરાઓ મહંતની સામે બેઠા છે. મહંત એમની આગળ હરદ્વાર, હૃષીકેશ અને બદરીકેદારની વાતો કરે છે. ગંગામૈયાની અને હિમગિરિ કૈલાસની વાતો કરે છે.

છોકરાઓ કુતૂહલથી અને રસથી સાંભળી રહ્યા છે. એક છોકરો બોલી ઊઠે છે : 'મારે આ બધું જોવું છે !'

મહંત કહે છે : 'આવું જોવાનું કાં સાધુના નસીબમાં, કાં શ્રીમંતના નસીબમાં !'

છોકરો બોલી ઊઠ્યો : 'શ્રીમંત થવાનું મને મન નથી. હું સાધુ થઈશ !' મહંત આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યા.

સાધુ થવાનાં સ્વપ્નાં જોતા આ છોકરાનું નામ શાંતિલાલ. તેના પિતાનું નામ મોતીભાઈ, માતાનું નામ દિવાળીબા. સંવત ૧૯૭૮ના માગશર સુદ આઠમે આ ચાણસદ ગામમાં એનો જન્મ થયો હતો.

માતા-પિતા સત્સંગી હતાં. રોજ મંદિરમાં જતાં, બાળક શાંતિલાલ પણ તેમની સાથે જતો. મંદિરમાં કોઈવાર સાધુ-સંતો પધાર્યા હોય ત્યારે શાંતિલાલના ઉત્સાહનો પાર ન રહેતો. તેવે વખતે આખો દિવસ મંદિરમાં રહી સાધુ-સંતોની સેવા કરતો. એમની વાણી સાંભળતો અને આનંદ પામતો, એને એમાં સુખ લાગતું. ભજન-કીર્તનમાં એને ભારે રસ, કોઈવાર રાત-મધરાત લગી એ ભજન મંડળીમાં બેસતો.

એકવાર ગામમાં સ્વામી શાસ્ત્રીજી મહારાજ પધાર્યા.

બાળક શાંતિલાલને લઈને પિતા સ્વામીશ્રીનાં દર્શને ગયા. બાળક સ્વામીશ્રીને પગે લાગ્યો. સ્વામીશ્રી એને થોડો વખત ધારી ધારીને જોઈ રહ્યા, પછી તે બોલ્યા : 'મોતીભાઈ, આ તો અમારા છે !'

મોતીભાઈએ કહ્યું : 'તમારા હોય તો તમે લઈ જાઓ !'

સ્વામીશ્રીએ કહ્યું : 'હમણાં નહિ, વખત આવશે ત્યારે ઉઘરાણી કરીશ.'

શાંતિલાલ ભણવામાં હોશિયાર હતા. ગામનું ભણતર પૂરું કરી હવે તે

પાદરાની હાઈસ્કૂલમાં ભણતા હતા.

તેવામાં એકવાર ફરી શાસ્ત્રીજી મહારાજ ચાણસદ પધાર્યા. પંદર સોળ વરસનો શાંતિલાલ એમનાં ચરણમાં પ્રણામ કરી, હાથ જોડી સામે ઊભો.

સ્વામીશ્રીએ હસીને એની સામે જોયું. પછી ધીરેથી કહ્યું : 'અમારા સાધુ થશો !'

શાંતિલાલ તો કેટલાંય વરસથી સાધુ થવાનાં સ્વપ્નાં જોતો હતો. તેના આનંદનો પાર ન રહ્યો. તેણે કહ્યું : 'આજ્ઞાની રાહ જોઉં છું.'

માતાપિતાની રજા મળેલી જ હતી. ૧૭ વર્ષની ઉંમરે શાંતિલાલે ઘર છોડ્યું, ગામ છોડ્યું ને સીધી બોચાસણની વાટ પકડી.

## સ્વાધ્યાય

**ખાલી જગ્યા પૂરો :**

૧. શાંતિલાલનો જન્મ ................ ગામે થયો હતો. (વડોદરા, બોચાસણ, ચાણસદ)

૨. શાંતિલાલના પિતાનું નામ ............. હતું. (મોતીભાઈ, ધોરીભાઈ)

૩. સંવત ૧૯૭૮ના .......... તેમનો જન્મ થયો હતો. (વસંત પંચમી, માગશર સુદ ૮, રામનવમી)

૪. ગામનું ભણતર પૂરું કરીને શાંતિલાલ ................ હાઈસ્કૂલમાં ભણતા. (ચાણસદ, વડોદરા, પાદરા)

૫. ................... વર્ષની ઉંમરે શાંતિલાલે ઘર છોડ્યું. (૧૭, ૧૫, ૧૧)

**કોણ, કોને કહે છે, તે જણાવો :**

૧. 'શ્રીમંત થવાનું મને મન નથી, હું સાધુ થઈશ.'

૨. 'આ તો અમારા છે.'

૩. 'આજ્ઞાની જ રાહ જોઉં છું.'

•

# ૧૩. આજ્ઞા પાળવાની ધગશ

અમદાવાદમાં સમૈયો હતો.

કિશોર શાંતિલાલ સંતમંડળ સાથે અમદાવાદ આવેલો હતો.

સ્વામી શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'શાંતિલાલ, પાર્ષદ થાશો !'

શાંતિલાલે કહ્યું : 'ક્યારે ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'હમણાં ! અત્યારે જ.'

શાંતિલાલે ખુશ થઈ કહ્યું : 'આ પળની તો હું રાહ જોઉં છું.'

સ્વામીશ્રીએ તરત જ શ્વેત વસ્ત્રો મંગાવ્યાં, અને મુંડન કરાવીને શાંતિલાલને પાર્ષદની દીક્ષા આપી આશીર્વાદ આપ્યા :

'શિર સાટે ધર્મ પાળીને ત્યાગને દીપાવજો !'

તે જ દિવસે સ્વામીશ્રીએ તેમને સંસ્કૃતનો અભ્યાસ કરાવવા માંડ્યો. સાંજ પડતાં શાંતિ ભગતે પહેલો પાઠ પૂરો કર્યો. તેનો ઉત્સાહ જોઈને સ્વામીશ્રીને આનંદ થયો.

શાંતિ ભગત બોચાસણ મંદિરનું નાનું-મોટું દરેક કામ કરતા. એકવાર ચૂનાની ભઠ્ઠી ખાલી કરવાની હતી. સૌ સંતો-પાર્ષદો અને શાસ્ત્રીજી મહારાજ પોતે પણ ચૂનાનાં તગારાં ઉપાડવા કામે લાગી ગયા હતા. ઉત્સાહથી કામ ચાલતું હતું,

એવામાં સ્વામીશ્રીને બીજા કામે જવાનું થયું. એમની ગેરહાજરીમાં ધીરે ધીરે સૌ આઘાપાછા થઈ ગયા, પણ શાંતિ ભગત કામ પરથી ખસ્યા નહિ. તેઓ ચૂનાનાં તગારાં ઉપાડતા જ રહ્યા.

સ્વામીશ્રી પાછા પધાર્યા ત્યારે જુએ તો એકલા આ પાર્ષદ કામ કરતા હતા. સ્વામીશ્રીએ તેને પૂછ્યું : 'બધા થાક્યા, તને થાક નથી લાગ્યો ?'

યુવાન પાર્ષદે જવાબ દીધો : 'આપની આજ્ઞા સામે થાકનું બીચારાનું શું ચાલે ?'

ગુરુની આજ્ઞા પાળવાની ભગતની ધગશ જોઈ સ્વામીશ્રી તેના ઉપર પ્રસન્ન થયા.

દોઢ જ મહિનામાં તેમણે શાંતિ ભગતને ગોંડલના અક્ષરતીર્થમાં ભાગવતી દીક્ષા આપી, 'નારાયણસ્વરૂપદાસ' એવું નામ પાડ્યું.

પછી સ્વામીશ્રીએ યોગીજી મહારાજને કહ્યું : 'એવો સંકલ્પ કરો કે આ સાધુમાં તમારા જેવા ગુણ આવે, તમારા જેવી એ સાધુતા રાખે અને સત્સંગની સેવા કરે !'

આજે સ્વામીશ્રીનો અને યોગીજી મહારાજનો આ સંકલ્પ ફળ્યો છે એ સારી રીતે જોઈ શકાય છે.

## સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો.**

૧. શાંતિલાલને પાર્ષદની દીક્ષા ક્યાં આપી ?

૨. શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને દીક્ષા આપી શા આશીર્વાદ આપ્યા ?

૩. શાંતિ ભગતને ભાગવતી દીક્ષા ક્યાં આપી ?

૪. ભાગવતી દીક્ષા આપી શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતનું શું નામ પાડ્યું ?

૫. શાંતિ ભગતને દીક્ષા આપી શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને શું કહ્યું ?

**ટૂંકમાં સમજાવો :**

૧. શાંતિ ભગતની ગુરુની આજ્ઞા પાળવાની ધગશ.

•

# ૧૪. પ્રમુખસ્વામી

દસ-બાર વર્ષમાં તો યુવાન સાધુ નારાયણસ્વરૂપદાસજી સત્સંગમાં નિષ્ઠાવાન સેવક અને બ્રહ્મનિષ્ઠ 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી' તરીકે જાણીતા થઈ ચૂક્યા હતા. સંસ્કૃત અને પ્રાકૃત શાસ્ત્રોનો તેમનો અભ્યાસ પૂરો થયો હતો. અને જેવા સેવામાં તેવા જ અભ્યાસમાં પણ ઝળકી ઊઠ્યા હતા. સાધુતાના તમામ ગુણો તેમનામાં હતા.

સ્વામી શાસ્ત્રીજી મહારાજ ધીરે ધીરે પોતાની જવાબદારી સંકેલતા જતા હતા. શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પોતે પ્રમુખ હતા. તે પ્રમુખપદ કોઈ યોગ્ય સાધુને સોંપવું હતું. આ માટે તેમણે ૨૮ વર્ષના યુવાન શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની પસંદગી કરી.

દેશ દેશના તમામ આગેવાનો હરિભક્તોને શાસ્ત્રીજી મહારાજે અમદાવાદમાં તેડાવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની વચમાં શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને બેસાડ્યા. પછી શાસ્ત્રીજી મહારાજે ધીરગંભીર સ્વરે કહ્યું : 'અત્યાર સુધી હું આપણી સંસ્થાનો પ્રમુખ રહ્યો છું, પણ આજથી હું મારા સ્થાન પર સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની નિમણૂક કરું છું. તેમની ઉંમર નાની છે, પણ ગુણ ભારે છે. તો તમે સૌ, આજ સુધી જેમ મારી આજ્ઞા પાળતા હતા તેમ હવેથી તેમની આજ્ઞા પાળજો !'

સ્વામી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી હવે 'પ્રમુખસ્વામી' તરીકે ઓળખાયા.

અને આ પ્રમુખસ્વામીએ પોતાના મહાનપદ પર આવીને પહેલું કામ શું કર્યું, એ જાણવું છે ?

આજના શુભ પ્રસંગે સૌને રસ-પૂરીનું જમણ આપવામાં આવ્યું હતું. પ્રમુખસ્વામી સીધા જ રસોડાની ચોકડીમાં ગયા અને જમી ઊઠેલા હરિભક્તોનાં એઠાં વાસણ માંજવા બેસી ગયા. મોટામાં મોટા સ્થાન પર બેસીને નાનામાં નાનું કામ કરવામાં જેમને ઉલ્લાસ છે એવા આ પ્રમુખ-સ્વામીની નમ્રતા અને નિરહંકારીપણું જોઈ સૌ 'ધન્ય ! ધન્ય !' કહેવા લાગ્યા.

## સ્વાધ્યાય

**ખરું કે ખોટું જણાવો :**

૧. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીમાં સાધુતાના તમામ ગુણો હતા.

૨. યોગીજી મહારાજે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સંસ્થાના પ્રમુખ બનાવ્યા.

૩. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને પ્રમુખપદ બોચાસણમાં આપ્યું.

૪. આજે શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ 'પ્રમુખસ્વામી' છે.

૫. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ એ જ 'પ્રમુખસ્વામી' છે.

**ટૂંકમાં સમજાવો :**

૧. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને સંસ્થાના પ્રમુખ બનાવતાં શાસ્ત્રીજી મહારાજે શું કહ્યું ?

૨. પ્રમુખસ્વામીની નમ્રતા અને નિરહંકારીપણું.

•

# ૧૫. બાળકો પર સદા પ્રસન્ન

બાળકો પર પ્રમુખસ્વામીશ્રીને ખૂબ જ હેત. દેશમાં કે પરદેશમાં તેઓ બાળકોને કદી ભૂલ્યા નથી.

પ્રમુખસ્વામી મહારાજ મોટરમાં સુરતથી ભરૂચ જતા હતા. રસ્તામાં એક સ્થળે તેમનાં દર્શન કરવા અને તેમને ફૂલહાર ધરવા કેટલાક હરિભક્તો ઊભા હતા. તેમાં પગે અપંગ એવો એક બાળક હતો. તે જમીન પર બેસી રહ્યો હતો.

સ્વામીશ્રીની મોટર આવી એટલે ઊભેલા હરિભક્તોએ મોટરમાં જ

સ્વામીશ્રીનું પૂજન કર્યું. સ્વામીશ્રીની નજર તેમના પરથી ખસી પેલા બાળક પર ગઈ. તેઓ સમજી ગયા કે બાળક અપંગ છે. તરત જ તેઓ મોટરમાંથી ઊતરી બહાર આવ્યા અને આ બાળકની સામે જ જમીન ઉપર બેસી ગયા.

બાળકના સુખનો પાર ન રહ્યો. તેણે પૂજનની પોતાની હોંશ પૂરી કરી. સ્વામીશ્રીએ પણ તેના કપાળમાં ચાંદલો કરી તેને પ્રસાદીનું જળ આપ્યું.

આમ, બાળક સાથે બાળક થઈ જતાં સ્વામીશ્રીને વાર ન લાગે.

પરદેશમાં પણ સ્વામીશ્રી પર બાળકોને એવો જ ઉમળકો. ફરી ફરીને તેઓ સ્વામીશ્રીનાં દર્શને દોડી આવે.

ડર્બન નામે એક શહેર છે. ત્યાં સ્વામીશ્રીનાં દર્શને નિયમિત રીતે બે બાળકો આવતાં.

એકવાર એમાંનો એક જ બાળક આવ્યો એટલે સ્વામીશ્રીએ એને પૂછ્યું : 'વિજય ! આજે દેવેશ કેમ ન આવ્યો !'

સ્વામીશ્રીને બાળકો ઉપર એવું હેત કે બાળકોનાં નામ પણ તેમને યાદ.

વિજયે કહ્યું : 'બાપા ! આજે એ એના મિત્રને મળવા ગયો છે.'

સ્વામીશ્રી હસીને કહે : 'વાહ, તો હુંયે એનો મિત્ર છું ને ! મને મળવા આવે એવું એને કહેજે !'

સ્વામીશ્રી બાળકમાત્રના મિત્ર છે. આવા મિત્રની મૈત્રી કોને ન ગમે ? આપણે પણ સ્વામીશ્રીની આ મૈત્રીને પિછાનીએ.

### સ્વાધ્યાય

**ટૂંકમાં સમજાવો :**

૧. પ્રમુખસ્વામી મહારાજ બાળક સાથે બાળક બની જાય. એક પ્રસંગ વર્ણવો.

૨. પ્રમુખસ્વામી મહારાજ બાળક માત્રના મિત્ર છે. એક પ્રસંગ વર્ણવો.

•

## ૧૬. તિલક-ચાંદલો

દરેક ધર્મને ઓળખવા માટે એ ધર્મનું પવિત્ર ચિહ્‌ન હોય છે. તિલક-ચાંદલો એ પણ એક પવિત્ર ચિહ્‌ન છે.

શ્રીજીમહારાજે એક વખત બધા સંતોને બોલાવ્યા. દરેક સંતને

ગોપીચંદનની ગોટી આપી અને કપાળમાં સુંદર તિલક કરી લાવવા કહ્યું.

બીજે દિવસે સવારે બધા સંતો કપાળમાં તિલક કરી લાવ્યા, પણ મહારાજને એક પણ તિલક ગમ્યું નહિ.

પછી ગુણાતીતાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને પોતે જાતે એમના કપાળમાં ગોપીચંદનનું ઊભું તિલક કર્યું અને તિલકની વચ્ચે કંકુનો ગોળ ચાંદલો કર્યો ! પછી ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં બતાવતાં કહે : 'આ અમારા તિલક !' જેમ રાજાના પાટવી કુંવરને રાજતિલક કરી ગાદીએ બેસાડાય છે, એમ મહારાજે બધાને એ પણ સમજાવ્યું કે ગુણાતીતાનંદ સ્વામી અમારા 'પાટવી કુંવર' છે, એટલે કે મને સૌથી વહાલા છે.

ત્યારથી સૌ સંતો તથા હરિભક્તો કપાળમાં તિલક-ચાંદલો કરવા લાગ્યા. મહારાજે શિક્ષાપત્રીમાં તિલક-ચાંદલો કરવાની આજ્ઞા સૌને કરી છે.

તિલક અક્ષરધામનું પ્રતીક છે અને ચાંદલો મહારાજનું પ્રતીક છે.

આપણે પણ કપાળમાં તિલક-ચાંદલો કરવો જોઈએ. શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી આપણી ઉપર રાજી થાય.

કપાળમાં તિલક-ચાંદલો હોય તો ખરાબ કામ કરતાં આપણને શરમ આવે. આપણે બગડતા બચી જઈએ, શ્રીજીમહારાજ આપણી રક્ષા કરે.

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો :**

૧. 'ગુણાતીતાનંદ સ્વામી અમારા પાટવી કુંવર છે.' એટલે શું ?
૨. તિલક કોનું પ્રતીક છે ?
૩. ચાંદલો કોનું પ્રતીક છે ?
૪. મહારાજે કયા શાસ્ત્રમાં તિલક-ચાંદલો કરવાની સૌને આજ્ઞા કરી છે ?
૫. કપાળમાં તિલક-ચાંદલો કર્યો હોય તો કયા કયા ફાયદા થાય ?

•

## ૧૭. સ્વામીની વાતો

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આપણને જીવનમાં ઉપયોગી થાય તેવી વાતો કાયમ કરતા. અહીં તેમની કેટલીક વાતો આપી છે.

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે -

૧. ભગવાન ને ભગવાનના ભક્તની સેવા, એ બેમાં જ માલ છે.

૨. આ તો ભગવાન જેવા સાધુ છે, બાવા કે વૈરાગી નથી.

૩. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા.

૪. સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષારહિત બોલવું પણ આગ્રહથી વચન કહેવું નહિ.

૫. આ લોકમાં ડાહ્યો તો કોઈ પ્રભુ ભજતો નથી ને જે ગાંડો થાય તે ભજે છે.

૬. ભગવાન ભજવા હોય તેનાથી બધાની મરજી રાખી શકાય નહિ. તેનાથી તો ભગવાનની મરજી સચવાય.

૭. પાંચ-દશ વાર 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ' નામ જાણ્યે-અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે.

૮. ભગવાન જીવના ગુના સામું જોતા નથી, તે કોઈ જીવ ભગવાનની સ્મૃતિ કરીને એમ બોલે જે, 'હું ગુનેગાર છું' તો તેના ગુના ભગવાન માફ કરે છે.

૯. જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ.

૧૦. જેના ગુરુ અક્ષર હોય તે અક્ષરધામમાં લઈ જાય ને પુરુષોત્તમને મેળવે.

## સ્વાધ્યાય

**નીચેની 'સ્વામીની વાતો' પૂરી કરો :**

૧. ડાહ્યો હોય તેને વઢે ...........

૨. સત્ય, પ્રિય ને .............

૩. પાંચ-દસ વાર 'સ્વામિનારાયણ ............

૪. ભગવાન જીવના ગુના .................

●

## ૧૮. પ્રહ્‌લાદ

'ભગવાન છે જ નહિ' એમ જે કહે, તે ભગવાનનો દ્રોહી કહેવાય.

ભગવાનના ભક્તને જે દુઃખ દે તે અસુર કહેવાય.

હિરણ્યકશિપુ એવો એક અસુર હતો.

તે ભગવાનને માનતો નહિ. ભગવાનનું નામ લેતો નહિ. ભગવાનને જે ભજે તેને માર મારતો.

તેને એક પુત્ર થયો. તેનું નામ પ્રહ્‌લાદ. તે ભગવાનનું ભજન નાનપણથી કરતો. આ તેના પિતાને ગમતું નહિ.

પિતાએ પ્રહ્‌લાદને કહ્યું : 'ભગવાન છે જ નહિ. એનું જે નામ લે તેને મારી નાખું ! હું જ સૌથી મોટો છું. મારા સિવાય કોઈ મોટું છે જ નહિ.'

પ્રહ્‌લાદ તો ભગવાનનો ભક્ત હતો. તેણે કહ્યું : 'પિતાજી ! હું તો પ્રેમથી ભગવાનનું નામ લઈશ. ભગવાન છે જ. તે વગર આપણે જીવીએ જ કેમ ? આપણને પવન, પાણી ને પ્રકાશ ભગવાન આપે છે. પૃથ્વીમાં અનાજનો એક દાણો નાખીએ તો હજાર દાણા મળે છે. ગાયને સૂકું ઘાસ આપીએ તો પણ તે આપણને દૂધ આપે છે. પુષ્પોને સુગંધ અને પતંગિયાને રંગ ભગવાને આપ્યાં છે.'

પિતા હિરણ્યકશિપુને આ સાંભળી ક્રોધ ચઢ્યો. તેણે કહ્યું : 'આ તારો બકવાસ બંધ કર, નહિ તો હમણાં જ મારી નાખું છું !'

પ્રહ્‌લાદે હસતાં હસતાં કહ્યું : 'તમારે જે કરવું હોય તે કરો, પણ હું ભગવાનનું નામ નહિ છોડું.'

આ સાંભળી તેને વધુ ક્રોધ ચડ્યો. એક લાત મારી પ્રહ્‌લાદને દૂર ફેંક્યો. પ્રહ્‌લાદ ઊભો થઈ ભગવાનનું નામ લેવા લાગ્યો.

હિરણ્યકશિપુએ સિપાઈઓને બોલાવીને કહ્યું : 'આ છોકરાને બાંધીને લઈ જાવ, પર્વત પરથી ફેંકી દો એટલે લપ જાય.'


સિપાઈઓએ તો રાજાનો હુકમ થતાં પ્રહ્‌લાદને બાંધીને પર્વત પરથી ફેંક્યો. પ્રહ્‌લાદ તો ભગવાનનું નામ અખંડ લેતો જ રહ્યો. ભગવાને તેને આકાશમાં જ ઝીલી લીધો. હળવે રહી નીચે મૂકી દીધો. સિપાઈઓને એમ કે પ્રહ્‌લાદ મરી ગયો છે. પણ એ તો સૌથી પહેલો ઘેર પહોંચી ગયો.

તેને સાજો નરવો જોઈ પિતાને વધુ ક્રોધ ચડ્યો. ફરી તેને હાથીના પગ નીચે કચડાવીને મારી નાખવા હુકમ કર્યો.

પ્રહ્લાદ તો ભગવાનને મૂકે જ નહિ.

ગાંડો હાથી આવ્યો. પ્રહ્લાદ તો ભજન કરતો, આંખો બંધ કરી બેસી જ રહ્યો. ત્રણ-ચાર વાર હાથી તેના શરીર પરથી પસાર થયો. પ્રહ્લાદને કંઈ થયું નહિ. ભગવાને તેનું શરીર લોખંડનું કરી દીધું !

ભગવાનનું નામ ન લેવાને બદલે પ્રહ્લાદે તો વધુ લેવા માંડ્યું. એવું જાણી અસુર પિતા બહુ ગુસ્સે થયો. તેને એક બહેન હતી. તેનું નામ હોલિકા.



પ્રહ્લાદની તે ફોઈ થાય. તેને અગ્નિ સ્પર્શ કરી શકે જ નહિ. રાજાએ વિચાર્યું કે હોલિકાના ખોળામાં પ્રહ્લાદને બેસાડી, આજુબાજુ આગ લગાવવી. પ્રહ્લાદ બળી જશે, હોલિકા જીવતી રહેશે.

ચિતા ખડકાઈ. આગ ચંપાઈ. જ્વાળાઓ ઊંચે ચઢી. સૌને થયું કે નક્કી પ્રહ્લાદ બળી ગયો. પણ આગ ઠરી ત્યારે સૌને આશ્ચર્ય થયું કે પ્રહ્લાદને તો કંઈ ન થયું. હોલિકા રાખ થઈ ગઈ ! ભગવાને પ્રહ્લાદની રક્ષા કરી.

પ્રહ્લાદ તો બીજાં બાળકોને પણ ભજન કરાવે. બાળકો ઊંચે સાદે ભગવાનની ધૂન કરે, બધા નાચે, કૂદે ને ગાય.

ગામમાં ને નગરમાં, શેરીઓ ને ચૌટામાં, ઘરમાં ને આંગણે બધી જગ્યાએ પ્રહ્લાદ ને બાળમિત્રો ફરતા રહે, ભગવાનનો જયનાદ કરતા રહે. નગરવાસીઓ હિરણ્યકશિપુથી ડરે પણ પ્રહ્લાદને ડર જ નહિ. મોટામાં મોટા ભગવાન છે. તેમને સંભારવાથી બીક મટી જાય, ભય ટળી જાય.

અસુર પિતાએ એક લોખંડનો થાંભલો તૈયાર કરાવ્યો. તેને અગ્નિમાં લાલચોળ તપાવ્યો. પછી પ્રહ્લાદને કહ્યું : 'તારો ભગવાન ક્યાં છે ?'

પ્રહ્લાદે કહ્યું : 'ભગવાન તો બધે જ છે.'

'આ થાંભલામાં ભગવાન છે ?' પિતાએ પૂછ્યું.

'હા, આ થાંભલામાં પણ છે.' પ્રહ્લાદે કહ્યું.

'તો તેને બાથ ભર.'

પ્રહ્લાદે ભગવાનનું સ્મરણ કરતાં થાંભલાને બાથ ભીડી. પણ તેને કંઈ જ ન થયું. હિરણ્યકશિપુ વધારે ખિજાયો. તેણે થાંભલાને તલવાર મારી. થાંભલો કડડડડ કરતો તૂટ્યો. તેમાંથી નૃસિંહ ભગવાન પ્રગટ થયા. પ્રહ્લાદ તો દંડવત્ કરવા લાગ્યો. ભગવાને તેના મસ્તકે હાથ મૂક્યો.

ભગવાનને જોઈ અસુર હિરણ્યકશિપુ ખડગ લઈ મારવા આવ્યો. ભગવાને તેને ઘરના ઊંબરામાં જ પછાડ્યો, ને નખ વડે ચીરી નાખ્યો. તેના પ્રાણ ઊડી ગયા.

અસુરનો પરાજય થયો. ભગવાનનો જય થયો.

ભગવાન તેના એક ભક્ત પ્રહ્લાદ માટે અવતર્યા. તેની ભક્તિ જોઈ ભગવાને કહ્યું : 'પ્રહ્લાદ ! તું મારી પાસે કંઈ પણ માગ, હું બહુ પ્રસન્ન થયો છું.'

પ્રહ્‌લાદે કહ્યું : 'હે ભગવાન ! તમે મારી બહુ રક્ષા કરી છતાં પણ હું તેને રક્ષા માનતો નથી. તમે મારા મનના કુસંગથી રક્ષા કરજો. ક્યારેય તમારી ભક્તિમાંથી પડું નહિ. તમને નિરંતર સંભાર્યા કરું. તમારા ભક્તો, સાધુઓનો સંગ આપજો. આ દેહનાં સગાંને હું સાચાં સગાં માનતો જ નથી. તમારા ભક્તો ને સંતો મારાં સાચાં સગાં છે. હું તેમનો નિત્ય સમાગમ કરી શકું એવી બુદ્ધિ આપજો. હું તેમની સેવા કરી શકું. એવી શક્તિ આપજો. હું તેમનો દાસ થઈને રહું એવો વિચાર આપજો...'

ભગવાને પ્રસન્ન થઈ 'તથાસ્તુ' કહ્યું.

જે ભગવાન કે ભગવાનના ભક્તનો દ્વેષ કરે છે, તે કુળ સહિત નાશ પામે છે.

## સ્વાધ્યાય

**કોણ, કોને કહે છે જણાવો :**

૧. 'તમારે જે કરવું હોય તે કરો, પણ હું ભગવાનનું નામ નહિ છોડું.'

૨. 'આ છોકરાને બાંધીને લઈ જાવ, પર્વત પરથી ફેંકી દો એટલે લપ જાય.'

૩. 'ભગવાન તો બધે જ છે.'

**ટૂંકમાં સમજાવો : (આશરે આઠ લીટીમાં)**

૧. ભગવાને પ્રહ્‌લાદની ક્યાં ક્યાં રક્ષા કરી ?

૨. પ્રહ્‌લાદે નૃસિંહ ભગવાન પાસે શું માંગ્યું ?

•

# ૧૯. ઠોઠ નિશાળિયો

એક હતો છોકરો.

દરરોજ નિશાળે ભણવા જાય-પાટી, પેન, ચોપડીઓ લઈને, પણ એને કાંઈ યાદ ન રહે.

એટલે એના ભાઈબંધો એને 'ઠોઠ' કહે.

એના માસ્તરે પણ એને કહી દીધેલું કે 'તને ક્યારેય ભણતાં નહિ આવડે, તું તો ડોબો જ રહીશ !'

હવે ?

છોકરાને થયું કે મારે તો ભણવું છે. પણ મને આવડતું નથી એટલે બધા મને ઠોઠ કહે છે !

એ જમાનામાં એવું કે કાંઈ મુશ્કેલી પડે તો લોકો તરત જાય જોશીને પૂછવા. છોકરાને થયું કે 'લાવને, હું જોશીને જ પૂછી આવું કે મારામાં વિદ્યા આવશે કે નહિ ?'

છોકરો તો ગયો જોશી પાસે.

ગળામાં માળા, માથે લાલ પાઘડી, હાથમાં ટીપણું ને કાનમાં કલમ ખોસીને જોશી તો આંગળાના વેઢા ગણતો હતો. ત્યાં આ છોકરો પહોંચ્યો.

કહ્યું : 'મારો હાથ જોઈ દો, ને મને કહો કે મારામાં વિદ્યા આવશે ?'

જોશીએ તો છોકરાનો હાથ જોયો. કંઈક ગણ્યું. આંખો પહોળી કરી, નાકનું ટેરવું ઊંચું ચડાવ્યું. ચશ્માંની ડાંડી ઠીક કરીને કહ્યું : 'તું ગમે એટલું કરે પણ તારામાં વિદ્યાનો છાંટો પણ નહિ આવે. તારા હાથમાં વિદ્યાની રેખા છે જ નહિ.'

છોકરો તો બીચારો નિરાશ થઈ ગયો. પણ તેને હિંમત આવી. બાજુમાં એક ચપ્પુ પડેલું.

છોકરાને ખબર નહિ શું થયું કે તેણે તરત ચપ્પુ ડાબા હાથમાં લઈને જમણા હાથમાં ચપ્પુથી એક મોટો છેકો માર્યો ને બોલ્યો : 'આ મારી વિદ્યાની રેખા ! હું ભણી-ગણીને મોટો વિદ્વાન ન થાઉં તો મને કહેજો !'

છોકરાના હાથમાંથી લોહી વહેવા માંડ્યું પણ તેની દરકાર કર્યા વિના તે ઘેર ગયો.

ભણવાનો નિશ્ચય કર્યો, સાથે સાથે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો : 'હે ભગવાન ! મને સારી બુદ્ધિ આપજો. હું સારી રીતે વિદ્યા અભ્યાસ કરી શકું તે માટે બળ આપજો.'

પછી તો તે જાતે ભણવા લાગ્યો.

નિશાળમાં એ ખૂબ ધ્યાનથી પ્રયત્ન કરી કરીને અભ્યાસ કરવા માંડ્યો. બહુ ભણ્યો. સાથે સાથે ભગવાનનું નામ તો લેતો જ જાય.

રાત ને દિવસ. સવાર ને સાંજ.

બસ, ભણ ભણ જ કર્યું, ને ભગવાનનું નામ લીધા જ કર્યું.

ને એક દિવસ એ મહાન વિદ્વાન બની ગયો.

એવો વિદ્વાન કે ન પૂછો વાત.

એણે સંસ્કૃત ભાષાનું આખું વ્યાકરણ બનાવ્યું. હજી પણ એનું વ્યાકરણ આખી દુનિયામાં ભણાવાય છે. એ છોકરાનું નામ હતું 'પાણિનિ.'

એને લોકો ઠોઠ કહેતા તોપણ જાતે મહેનત કરીને એ ભણ્યો. કેમ કે એને ભણવું હતું.

જેને ભણવું જ છે, તેને કોઈ રોકનાર નથી, કોઈ નડનાર નથી. તે તો મંડ્યો જ રહે... મંડ્યો જ રહે.

### સ્વાધ્યાય

**એક વાક્યમાં જવાબ આપો.**

૧. છોકરાના માસ્તરે એને શું કહેલું ?
૨. છોકરો જોશીને પૂછવા શા માટે ગયો ?
૩. જોશીએ છોકરાને શું કહ્યું ?
૪. જોશીનો જવાબ સાંભળી છોકરાએ શું કર્યું ?
૫. ભણવાની સાથે છોકરો શું કરતો ?
૬. છોકરાનું નામ શું હતું અને એણે શું બનાવ્યું ?

●

## ૨૦. શ્રવણ

શ્રવણને આજે સૌ કોઈ ઓળખે છે.

તેનાં માબાપ આંધળાં હતાં.

શ્રવણ તેમની સેવા કરે. પોતે વહેલો ઊઠે. નાહી-ધોઈ ભગવાનની પૂજામાં લીન બની જાય. ભગવાનને પ્રાર્થના કરે :

'હે ભગવાન ! હું કદી તમને ભૂલું નહિ. માબાપની સેવા હોંશથી કરું, મારું સ્વાસ્થ્ય સારું રાખજો. સાધુ-સંતોનો સંગ આપજો. સારા મિત્રોનો સહવાસ દેજો.'

પૂજા-પ્રાર્થનાથી પરવારી શ્રવણ તેનાં માબાપની સેવામાં લાગી જાય. સૂર્ય ઊગે એટલે તે માબાપને ચરણ-વંદન કરી, ધીરે ધીરે જગાડે. ધીમે ધીમે પગચંપી કરે. એક જગ્યાએ બેસાડી દાતણ કરાવે. ગરમ જળથી સ્નાન કરાવે.



દરરોજ તેમનાં વસ્ત્રો ધોઈ, નવાં વસ્ત્રો પહેરાવે, ગામમાંથી ભિક્ષા માગી લાવે. જાતે રસોઈ પકાવે. ભગવાનને થાળ ધરી, માબાપને પ્રેમથી જમાડે, પછી પોતે જમે.

સેવા કરે તે સૌને ગમે. ગામનાં બાળકોને શ્રવણ બહુ ગમે. સૌ કંઈ ને કઈ વસ્તુ શ્રવણને આપે. શ્રવણ તે લે જ નહિ. ભિક્ષામાં જે મળે તે જ લે.

બધાં બાળકો શ્રવણને ઘેર આવે. શ્રવણનાં આંધળાં માબાપની આજુબાજુ બેસી જાય. માબાપ સૌને વાર્તા કહે, બોધ આપે. બધાં બાળકોને મઝા પડે.

એકવાર શ્રવણે તેનાં માબાપની ચર્ચા સાંભળી : 'આપણે તો આંધળા છીએ. ભગવાન અને સાધુનાં દર્શન કેમે ના કરી શકીએ. કાશી, હરદ્વાર ને દ્વારકા જેવાં તીર્થોમાં જઈને સ્નાન કરીએ, કોઈ મોટા સંતપુરુષના આશીર્વાદ લઈએ અને મોક્ષને પામીએ. પણ આપણને તીર્થયાત્રા કરાવે કોણ ?'

માબાપના દુઃખની વાત સાંભળી શ્રવણે કહ્યું : 'તમે ચિંતા ન કરશો. હું તમને બધાં તીર્થોમાં લઈ જઈશ.'

તે જંગલમાંથી એક વાંસ લઈ આવ્યો. તેમાંથી બે મજબૂત ટોપલા બનાવ્યા. તેને એક લાકડી સાથે મજબૂત દોરીથી બાંધી એક કાવડ તૈયાર કરી. એક ટોપલામાં પિતાને બેસાડ્યા, બીજા ટોપલામાં માતાને બેસાડ્યાં. ખભે કાવડ લઈ શ્રવણ માબાપને તીર્થયાત્રા કરાવવા નીકળી પડ્યો.

કાંટાળી કેડીએ, જંગલ ને ઝાંખરાં, પર્વત ને કોતરો, નદીઓ ને ઝરણાંઓ પાર કરતો શ્રવણ ચાલ્યો જ જાય... ચાલ્યો જ જાય.

માબાપને ભૂખ લાગે ત્યારે શ્રવણ પાકાં પાકાં ફળો જમાડે. કોઈ નગર કે ગામમાં જઈ ભિક્ષા માગી લાવે. માબાપ જમે. શ્રવણ રાજી થાય. નદીમાંથી ગાળીને પાણી લાવે. તરસ્યા માબાપની તરસ છિપાવે.

એકવાર નદીમાં પાણી ભરતાં બડ્ બડ્ બડ્ તુંબડીમાંથી અવાજ આવ્યો. એ અવાજનું નિશાન લઈ કોઈએ તીર છોડ્યું. એ તીર શ્રવણને વાગ્યું.

'હે ભગવાન !' કરતો તે ઢળી પડ્યો. તીર મારનારે આ સાંભળ્યું. એ દોડતો શ્રવણ પાસે આવ્યો. તેણે માફી માગી : 'કોઈ પશુ પાણી પીએ છે એમ જાણી મેં તીર ફેંક્યું હતું, પણ તમને વાગી ગયું, મને માફ કરો.'

શ્રવણે કહ્યું : 'મારાં માબાપ આંધળાં છે, તેમને હું તીર્થયાત્રા કરાવવા નીકળ્યો છું. તેઓ સામેના ઝાડ નીચે બેઠાં છે. તરસ્યાં મારી રાહ જોતાં હશે.

તમે જલદી જઈને તેમને પાણી પાઓ.'

તીર મારનાર રાજા દશરથ હતા. એ પાણી લઈને ગયા. મા-બાપને શ્રવણની હકીકત કહી. વહાલા પુત્રના વિયોગમાં તેમણે પાણી ન પીધું. રાજા તેમને શ્રવણ પાસે દોરી ગયા. શ્રવણનું મસ્તક ખોળામાં લઈ માબાપે કહ્યું, 'વહાલા પુત્ર, તારા વિના અમે કેમ જીવી શકીશું... કેમ જીવી શકીશું ?' કરતાં જ માબાપના પ્રાણ ઊડી ગયા.

ધન્ય છે શ્રવણની સેવા-ભાવનાને !

### સ્વાધ્યાય

**ત્રણ વાક્યમાં જવાબ આપો :**

૧. શ્રવણ તેનાં માબાપની કઈ કઈ સેવા કરતો ?

૨. શ્રવણ તેનાં આંધળાં માબાપને કેવી રીતે તીર્થયાત્રા કરવા લઈ ગયો ?

૩. શ્રવણ રોજ ભગવાનને શું પ્રાર્થના કરતો ?

•

## ૨૧. સ્વામીને શું ગમે ?

*(બાળકોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે પ્રશ્નોત્તરી કરેલી. તેમાંથી થોડાક પ્રશ્નો અને ઉત્તરો અહીં આપ્યા છે, જેનાથી ખ્યાલ આવશે કે પરમ પૂજ્ય સ્વામીશ્રીને શું ગમે છે ?)*

બાળક : 'સ્વામી ! અમારો નિત્યક્રમ કેવો હોવો જોઈએ ?'

સ્વામીશ્રી : 'આપણે ઊઠતાંની સાથે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલીને ઊઠવું. અને એક જગ્યાએ બેસીને દાતણ કરવું. ગમે ત્યાં થૂકવું નહિ એટલે ગંદકી ન થાય. પછી નાહી-ધોઈ લેવું. પછી સ્વચ્છ કપડાં પહેરીને તિલક-ચાંદલો, પૂજા-પાઠ કરવાં, તો ભગવાન પ્રસન્ન થાય. બીજા ગમે તેમ બોલે પણ તિલક-ચાંદલો કરવો. કોઈ કહે કપડાં પહેરશો નહિ, જમશો નહિ, તો તેમ કરશું ? માટે ભલે આપણને ભગતડા કહે, આપણે ગભરાવું નહિ. માળા કરવી, દંડવત્ કરવા તેથી કસરત થાય, ભક્તિ થાય, બેય કામ થાય.

પછી અભ્યાસનું કામ કરીને સ્કૂલે સમયસર પહોંચી જવું. પાંચ મિનિટ વહેલા જવું. ઘરેથી સીધા સ્કૂલે. વચ્ચે કોઈ સાથે વાત ન કરવી. જે ભણાવે તે

ધ્યાનથી ભણવું. વિદ્યા-અભ્યાસમાં પહેલો નંબર લાવવો.

સ્કૂલેથી પાછા સીધે-સીધા ઘેર આવવું. પછી મા-બાપ જે સેવા બતાવે તે કરવી, અને 'જય સ્વામિનારાયણ' કહેવા. સ્કૂલે જે શિખવાડ્યું હોય, તે ફરીથી વાંચી જવું. સાથે ભગવાનને પ્રાર્થના કરવી અને મંદિર હોય તો દર્શને જવું. પછી પાછા બીજે દિવસે વહેલા ઊઠી જવું. આમ, આપણો નિત્યક્રમ ચાલે.

બાળક : 'સ્વામી ! અમે આગળ કેવી રીતે વધી શકીએ ?'

સ્વામીશ્રી : 'યોગીજી મહારાજ નાના હતા ત્યારે મંદિરે જતા ને સંતોની સેવા કરતા, તો તે મોટા થઈ ગયા કે નહીં ? તેમને બધા યાદ કરે છે અને તેમનું ભજન કરે છે. શાસ્ત્રીજી મહારાજ નાના હતા ત્યારે શું કરતા ? સેવા કરતા, સાફસૂફી કરતા ને કથા કરતા; તેમ જો આપણે નાનપણથી આવું કરીએ, તો મોટા થવાય. આપણે સંતના આશીર્વાદ મેળવવા અને મા-બાપના આશીર્વાદ મેળવવા.

બાળક : 'અમારાથી સિનેમા કેમ ન જોવાય ?'

સ્વામીશ્રી : 'સિનેમા ન જોવી, કારણ કે તેમાંથી ભગવાન ને ધર્મને માર્ગેથી પડી જવાય, અભક્ષ્ય વસ્તુ ખાવાનું મન થાય, ખોટું થાય, પૈસા અને મન બગડે.'

બાળક : 'સ્વામીબાપા ! તમને શું ગમે ?'

સ્વામીશ્રી : 'તમે સૌ બાળમંડળમાં આવો. નિયમો પાળો, કીર્તન કરો, પ્રાર્થના કરો તે મને બહુ ગમે. ભગવાનને-મહારાજને સંત-સમાગમ અને દેવદર્શન ગમતાં. નાનપણથી તે તોફાન ન કરતા. તેમ આપણને બે વસ્તુ ગમવી જોઈએ, ભજન અને અભ્યાસ.

### સ્વાધ્યાય

૧. દરેક પ્રશ્નોના જવાબ તૈયાર કરો.

•

## ૨૨. શૌર્ય ગીત

સ્વામીના તો બાળક અમે શ્રીજી અમારા દેવ
દેશ દેશના વીરો અમે સેવાની છે ટેવ.. ટેક.

નાનાં નાનાં બાળ અમે, મોટા મોટા બોલ,
સ્વામી માટે જીવશું અમે એ મારો અમારો કોલ.. ૧
સેવા કરશું હોંશે હોંશે, સૌને વ્હાલા થાશું,
કામ કરશું સારાં સારાં, સત્સંગને દીપાવશું.. ૨
ઢોલ નોબત વાજાં વગાડી શ્રીજી મહિમા ગાશું,
ધજા રાખી ઊંચે ઊંચે, દુનિયામાં લઈ જાશું.. ૩
સુખ આવે દુઃખ આવે, કોઈની ફિકર નથી,
અક્ષરધામમાં જાવું અમારે, સ્વામી પ્યારા સાથી.. ૪


## સ્વાધ્યાય

આ ગીત કંઠસ્થ કરવું.


આબાલવૃદ્ધ સૌમાં સંસ્કાર સિંચતી અનુપમ પ્રવૃત્તિ

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રારંભ




## સત્સંગ પ્રવેશ




## સત્સંગ પરિચય




## સત્સંગ પ્રવીણ




**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ-૪.

BG102